આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૩ જાન્યુઆરી–૧૯૯૨
અંક : ૪

પ્રેમ

શ્રધ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

ધર્મ

યોગ

સાધના

સત્સંગ

Summit

# * સદ્ભાવભરી સહાય *

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી, અધ્યાત્મના વાંચકો સદ્ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ વહાવ્યાં કરે છે. સતત વધતા ભાવોની વચ્ચે જો અધ્યાત્મ ટકી રહ્યું હોય તો આવી સહાયને આભારી છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:–

રૂા.

૫૧ શ્રી મનીષ હરિભાઈ ભોજાણી, મોરબી—નવા વર્ષ નિમિત્તે.

૨૭૨ વડોદરાની ત્રણ ભાવિક બહેનો તરફથી.

૫૧ શ્રી ચીમનભાઈ પટેલ, ભાવનગર.

૧૦૦ શ્રી જેકીસનદાસ સોરઠિયા, સુરત.

૧૧ શ્રી દામોદર ત્રિભુવન ગોહિલ, વઢવાણ શહેર—સ્વ. કાકા કાનજીભાઈ જાદવજીભાઈની પુણ્ય સ્મૃતિમાં.

૨૧ શ્રી પ્રતાપભાઈ ત્રિવેદી, ભાવનગર.

૨૧ શ્રી ઉપેન્દ્ર કે. ઝીંઝુવાડિયા, ભાવનગર—ચિ. કીર્તિના જન્મદિન નિમિત્તે.

૨૧ શ્રી કનૈયાભાઈ ઝીંઝુવાડિયા, ભાવનગર—પુત્ર ભરતનાં લગ્ન સુખરૂપ પતતાં.

૫૧ શ્રી રાજેન્દ્રભાઈ નારાયણ જાની, ભાવનગર—હાયર કેડરમાં બઢતી મળતાં.

૫૦૧ શ્રી રમીલાબેન પટેલ, વેસ્ટ મીનીસ્ટર, અમેરિકા.

૧૧ શ્રી દામોદર ત્રિભુવન ગોહિલ, વઢવાણ સીટી.

( અનુસંધાન પાના ૩૭ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દૂધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| માતૃદર્શનનો મહોત્સવ-૪ | ગોરધનભાઈ કલોલા | ૧૫ |
| ગાયત્રીમંત્રની વિચારણા | યોગેશ્વરજી | ૨૪ |
| પ્રાકટ્યદિનની ઉજવણી | તંત્રી | ૨૯ |
| મારા ગુરુદેવ (૧૦) | નારાયણ હ. જાની | ૩૨ |
| સદ્‌ભાવભરી સહાય | — | ૩૭ |
| વિભુવરને વંદન | ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્) | ૩૮ |
| નિર્મળ નિર્મળ થઈએ | બળવંત ઓઝા (સફર) | ૩૯ |
| આજ ક્યમ? | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૦ |
| ઈશ્વરનું સ્વરૂપ અને સાક્ષાત્કાર | યોગેન્દ્ર પરીખ | ૪૧ |
| શ્રી મુગટરામ મહારાજ | પંડિત જગન્નાથ પ્રભાશંકર | ૪૬ |
| AN EXPERIENCE OF KUNDALINI BY MAHATMA YOGESHWARJEE | Narayan H. Jani | ૫૬ |
| ધ્યાન સાધના શિબિર | તંત્રી | ૫૯ |
| ભૂકંપ પીડિતો માટેની સહાય | તંત્રી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનીય સહાય *

મહાત્મા યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરન્ટો કેનેડાએ દશાબ્દી વર્ષ નિમિત્તે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી, તપસ્વીજીવન અને અલૌકિક આધ્યાત્મિક અનુભૂતિઓના અક્ષરદેહને મૂર્ત કરતા "અધ્યાત્મ માસિક"ના જાન્યુ, ૧૯૯૨ ના અંકનો બધો જ ખર્ચ આપવાની જાહેરાત કરી છે. એ બદલ ત્યાંના સાધક ભાઈ બહેનોને અભિનંદન, આભાર. તેઓએ આ અગાઉ નવેમ્બર અને ડીસેમ્બર ૯૧ ના અંકોનો ખર્ચ પણ આપેલ છે.

તંત્રી
અધ્યાત્મ

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ જાન્યુઆરી–૧૯૯૧ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૭–૧૧–૮૦ સોમવાર, કારતક સુદ નોમ ૨૦૩૭**

બરકટ્ટાના વિશ્રામ બાદ સવારે યાત્રા શરૂ થઇ. લગભગ સાડા અગિયારે રાણીગંજ આવ્યું. ત્યાંથી શાંતિનિકેતન જવાની ઇચ્છા હતી, પણ પરમશક્તિએ ના જ પાડી. જેથી શાંતિનિકેતન જવાને બદલે કલકત્તા તરફ આગળ યાત્રા ચાલુ થઇ. તો રાણીગંજની બહાર થોડે દૂર ૫ કી. મી. બાદ એક પુલ પાસે નાનકડું મંદિર ને શાંત જગ્યા આવી ત્યાં સૌએ આરામ કર્યો. ત્રણ સુધી આરામ બાદ યાત્રા આગળ ચાલી.

થોડી યાત્રા આગળ વધી ત્યાં પૂ. શ્રી નકશા વાચન કરવા લાગ્યા. ઓચિંતુ એમણે શાંતિભાઇને કહ્યું, "તમે ગાડી ધીમી કરો. તમારા કલ્યાણની વાતો કરું." ગાડી બંધ કરી પૂ. શ્રીએ નકશો સમજાવતાં કહ્યું, "જુઓ, બરદવાનથી બે માર્ગ છે. કલકત્તા



જવાતા એક માર્ગમાં કામારપુકુર પણ આવે છે. તો કામારપુકુર જવું છે?" શાંતિભાઇ કહે, "એમાં પૂછવાનું જ ન હોય! જવાનું જ. આવતાં જવું કે જતાં જવું એ પૂછી લો." ત્યાં જ પૂ. શ્રીએ પરમશક્તિનો સંપર્ક સાધ્યો ને ઉપર મુજબનો સંદેશો મળ્યો.

"જેમાં કામારપુકુર હમણાં નહિ, પ્રથમ લીલાસ્થાન જ જુઓ." એ સૂચન હોવાથી આવો વિચાર બંધ રાખ્યો.

બપોરે રાણીગંજમાં શાંતિનિકેતન જવું કે કેમ તે પણ પરમશક્તિને પૂછવામાં આવ્યું. તો તેણે ના પાડી.

મદ્રાસ કાફેમાં સૌએ બપોરનું ભોજન લીધું. રાત્રે પાંડુઆ નામના સ્થાનમાં રેસ્ટહાઉસમાં વિશ્રામ કર્યો. પ્રાર્થના સત્સંગ, વાર્તાલાપ.

**તા. ૧૮–૧૧–૮૦, પાંડુઆ.**

સવારે પાંડુઆથી કલકત્તા તરફ પ્રયાણ કર્યું. પાંડુઆથી મોગરા ૧૨ કી. મી. આવતાં જ અમારી સાથેની ગાડીની પેટ્રોલની ટાંકી નીચે ઘસાઇને લીક થઇ, બધું જ પેટ્રોલ બહાર નીકળી ગયું. ડોલ વિ. માં ભરી લીધું અને ઈશ્વરની કૃપા તો જુઓ! જેવી ગાડી બગડી; ત્યાં જ સામે વેલ્ડીંગની દુકાન, જેથી વેલ્ડીંગવાળો દોડતો આવી ગયો. પેટ્રોલ માટે સાધનો આપ્યાં. વેલ્ડીંગ કરતાં ૧ કલાક થઇ ગયો અને બીજી બાજુ બધા ખટારાઓએ માર્ગ બંધ કરી દીધો હતો તે વેલ્ડીંગ થઇ ગયું ત્યાં સુધીમાં માર્ગ પણ સાફ ખુલ્લો થઇ ગયો.

જાણે પ્રભુકૃપાએ બધું સમયસર કામ પતાવી દીધું. ગઇકાલે પણ કામારપુકુર જવાનું ન થયું તે સારું થયું. કારણ અમારી ગાડીમાં રેડીયેટર લીક થયું હતું તે તે પાંડુઆમાં રીપેર થઇ ગયું.

પેલા માર્ગે કદાચ આવું રીપેર કરાવવાનું સુગમ ન બનત.

પગલે પગલે પ્રભુની કૃપાનાં દર્શન થાય છે. એક કલાક બાદ ગાડી આગળ ચાલી.

સાડા નવ વાગ્યે સવારે તો બેલુરમઠમાં આવી ગયા! બેલુરમઠમાં શ્રી રામકૃષ્ણદેવનું મંદિર, સ્વામી બ્રહ્માનંદજી, મા શારદાદેવી તથા વિવેકાનંદનાં મંદિરો જોયાં.

એક મદ્રાસી સાધુ પાસેથી કામારપુકુરની માહિતી મેળવી લીધી. બેલુરમઠમાં સ્વામી વિવેકાનંદનાં કપડાં, ટેબલ, ખુરશી, લાકડી, પાદુકા વગેરે પણ માળ ઉપરના રૂમમાં જોવા મળ્યાં. આ પવિત્ર સ્મૃતિઓ જોઇને જાણે સ્વામી વિવેકાનંદને મળતા હોઈએ એવું લાગ્યું.

અહીંથી નાવમાં દક્ષિણેશ્વર પણ જઈ શકાય છે. અમે ગાડીમાં પૂલ પસાર કરી દક્ષિણેશ્વર પહોંચી ગયા.

આ સ્થળની પવિત્ર યાત્રા પ્રસંગે પૂ. શ્રી પણ સાથે છે એટલે સમજપૂર્વકની દરેક સ્થળોની માહિતી સ્થળે સ્થળે મળી રહે છે.

દૂરથી જ બાર શિવમંદિરોનું દર્શન થતું હતું. જેથી ત્યાં જ જવાનું છે એની પ્રતીતિ થઇ ગઇ.

ગાડી છેક અંદર લઇ જવાય છે. ત્યાંથી માળીની દુકાનેથી ફૂલો વગેરે લઇ અંદર વિશાળ ચોકમાં પ્રવેશ થાય છે.

પ્રથમ શ્રી રાધાકૃષ્ણનું મંદિર આવે છે, જ્યાં શ્રી રામકૃષ્ણદેવના ભાઇ રામકુમાર પૂજા કરતા હતા.

પછી કાલીમંદિર આવે છે, જેની સાથે રામકૃષ્ણદેવ વાતો કરતા.



સામે નાટક ભજવવાનો વિશાળ, ખુલ્લો સ્તંભવાળો નાટ્યમંડપ આવે છે.

વળી એ સૌની સામે શિવમંદિરો, શિવમંદિરને છેડે એક ઓરડો જેમાં ઠાકુરનો નિવાસ રહેતો. એ નિવાસથી જ. પાછળના ભાગમાં જઇએ તો નોબતખાનું ને ત્યાંથી નદીકિનારે પંચવટી તરફ જઇ શકાય છે.

શ્રીરામકૃષ્ણદેવના ઓરડામાં બે પલંગ છે, એને ત્રણ દ્વાર છે.

જેના પાછળના ઓટલા ઉપર પૂ. શ્રી પ્રથમવાર હિમાલયથી દક્ષિણેશ્વર આવ્યા ત્યારે બેઠા બેઠા ભજનો લખતા હતા. પુલિનબાબુ તેમનાં પત્ની સાથે ભજનો સાંભળવા ત્યાં બેસતાં, જ્યાં જગદંબાએ કુમારીના સ્વરૂપે દર્શન આપેલું. ફોટાઓ લીધા.

તે ઓટલા ઉપરથી જ નોબતખાના તરફ જવાય છે. નોબતખાનું નાનકડું રૂમવાળું છે. જ્યાં શારદામણિદેવી રહેતાં.

પાછળ પંચવટી છે, જ્યાં બે વટવૃક્ષો છે. તેની નીચે વૃંદાવનથી ધૂળ લાવી પાથરવામાં આવી હતી, જેથી ત્યાં સૌ ભક્તોને રામકૃષ્ણદેવ ધ્યાન–જપ કરવાનું કહેતા.

તે પંચવટીની પાછળ બકુલનું વૃક્ષ છે. જ્યાં ભૈરવી બ્રાહ્મણી તાંત્રિક ઉપાસના કરાવતાં. વળી પંચવટી પાછળ તોતાપુરીને સમાધિ થઇ તે શિવાલયના ઓટલે જ્યાં પૂ. શ્રીને માનું દર્શન ને પ્રસાદ મળેલાં તે સ્થાનમાં પણ ફોટા લીધા.

આ પવિત્ર સ્થાનમાં સતત શ્રદ્ધા, ભક્તિ. 'દર્શન દો' એ પ્રાર્થના સાથે ફરવાનું બન્યું.

રામકૃષ્ણદેવના નિવાસસ્થાનમાં હૈયું ભરાઇ આવે એવું શાંત

ને પવિત્રતમ વાતાવરણ હતું. સૌ કોઇ પૂ. શ્રી સાથે ત્યાં થોડું બેઠા.

દક્ષિણેશ્વરની પવિત્ર સ્મૃતિઓ લઇ બહાર ઇન્ટરનેશનલ ગેસ્ટહાઉસ જે નાનકડું મકાન છે તેના કમ્પાઉન્ડમાં રસ, કેળાં વગેરે લીધું.

આજે દક્ષિણેશ્વરની યાત્રા સાથે પવિત્ર અગિયારસ સંકળાયેલી છે. જેથી આજે ભોજન બંધ હતું.

દક્ષિણેશ્વરની બાજુમાં જ થોડો આરામ કરી, સ્વામી યોગાનંદજીના સ્થાનમાં ગયા. પણ ત્યાં આજીવન સભ્યોને જ રહેવા દે તેવો નિયમ હતો. ત્યાંથી કલકત્તા શહેરમાં આવવાનું બન્યું.

લગભગ બે કલાક સતત ગાડીની મુસાફરી બાદ કાલીઘાટ–કલકત્તાની મધ્યમાં કાલીમંદિરના દર્શને આવી ગયા. મંદિર બંધ હતું.

ત્યાંથી ફરી ૧ કલાકની મુસાફરી બાદ હાવરા બ્રીજ ઉપરથી હાવરા સ્ટેશન પાસે નટરાજ હોટલમાં આવી ગયા.

હોટલમાં આવી પ્રાર્થના, ધ્યાન બાદ આરામ કર્યો.

**તા. ૧૯–૧૧–૮૦ બુધવાર, કારતક સુદ બારશ ૨૦૩૭**

આજે આઠ વાગ્યે નીકળીને ફરી બેલુરમઠ ગયા. ફરી સમાધિમંદિર ને વિવેકાનંદની સ્મૃતિઓનું દર્શન કરી તપાસ કરી, કામારપુકુર જવા માટેની માહિતી, કાશીપુર બગીચાની માહિતી વગેરે મેળવી લીધી ને આગળ ચાલ્યાં. દક્ષિણેશ્વરથી કાશીપુર જવાય છે. કાશીપુર બગીચામાં જ્યાં શ્રી રામકૃષ્ણદેવે પોતાની જીવનલીલાના અંતિમ દિવસો પસાર કર્યા હતા.



ત્યાં નીચે મુજબનું લખાણ હતું.

**તા. ૧–૧–૧૮૮૩ બપોરે ૩–૦૦**

રામકૃષ્ણદેવે બહાર ફરવા જવાની ઇચ્છા કરી, તેઓએ લાલકિનારનું ધોતિયું ને પગમાં સાદી દેશી બનાવટની ચંપલ પહેરી હતી. તેઓ દાદર ઉતરી નીચે આવ્યા. દરવાજા તરફ જવાની ઇચ્છા કરીને તે તરફ ગયા. ત્યાં અડધે રસ્તે આવ્યા ત્યારે તેઓએ શિષ્યોને જોયા. શિષ્યોએ પણ તેમને જોયા અને પ્રણામ કર્યા. તેમણે ગિરીશ ઘોષને બોલાવ્યા અને પૂછ્યું. કે "તું મને ભગવાન, ભગવાન કરીને કેમ પ્રચાર કરે છે?" ત્યારે ગિરીશ ઘોષે કહ્યું કે "તમારો મહિમા વ્યાસમુનિ પણ વર્ણવી શકે તેમ નથી તો હું તો કેમ કરીને વર્ણવી શકું?" આ વાત થયા બાદ તેઓ ભાવવિભોર બની, ભાવસમાધિમાં ઉતરી ગયા. એમની ભાવસમાધિને ઉતારવા માટે સૌ ભક્તો "જય રામકૃષ્ણદેવ, જય રામકૃષ્ણ દેવનો ઉદ્‌ઘોષ કરવા લાગ્યા.

જેથી ભાવસમાધિમાંથી તેઓ જાગ્યા ને ત્યારબાદ જ્યાં શિષ્યો બેઠા હતા ત્યાં કલ્પવૃક્ષ નીચે જઇ સર્વ શિષ્યોને એક પછી એક હૃદયસ્પર્શ આપ્યો. ને એ વિધિ કરતાં કરતાં "સૌ પ્રકાશ પામો" એમ દરેકને બોલીને સ્પર્શ કર્યો. તો દરેકને વિવિધ અનુભવો થયા. દરેકે તે વર્ણવ્યા, જેમાં કોઇને પ્રથમવાર જ પ્રકાશદર્શન, કોઇને પ્રથમવાર જ ઇષ્ટનું દર્શન, કોઇને પ્રથમવારે જ ધ્યાનમાં સ્થિરતા અનુભવવા મળી. ત્યારબાદ શ્રી રામકૃષ્ણદેવ ઉપર ગયા.

ઉપર જ્યાં રામકૃષ્ણદેવ રહ્યા તે પવિત્ર ઓરડો નીચે શારદાદેવી રહેતાં તે રૂમ, વળી બીજો નીચેનો રૂમ જ્યાં બધા શિષ્યોના ફોટાઓ હતા.

એ જોઈને બહાર નીકળ્યા ત્યાં એક સ્વામીજી બહાર નીકળ્યા. અમને એમના મુખ્ય સ્વામીજી પાસે લઈ ગયા. ત્યાંથી કાલીઘાટ સ્મશાનની (જ્યાં રામકૃષ્ણદેવ, માસ્ટર મહાશય, ગૌરીમા, અભેદાનંદ વગેરેને અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા) પવિત્ર જગ્યા જોવાનું સૂચન કરવામાં આવ્યું, જેથી ત્યાંથી રતનબાજી રોડ ઉપરથી ત્યાં સ્મશાનભૂમિ ઉપર ગયાં. ત્યાં રામકૃષ્ણદેવની નાનકડી મૂર્તિ ને સ્થાન, ગૌરીમા, માસ્ટર મહાશય, અભેદાનંદની સમાધિઓ જોઈ ત્યાંથી દક્ષિણેશ્વર આવ્યા. ફોટાઓ લીધા.

ફરી રામકૃષ્ણદેવના પવિત્ર સ્થાનના આ પવિત્ર ઓરડામાં સૌ બેઠા. ગઈકાલની જેમ આજે પણ ખૂબ ભાવવિભોર બની પ્રાર્થના થઈ. "શ્રદ્ધા–ભક્તિ દર્શન આપો." ઓરડો બંધ થવાની તૈયારી હતી. જેથી સૌ ઉઠયા. સર્વેશ્વરી પણ ઉઠયાં. ઉઠતાંની સાથે જ આંખ ખોલી તો ખુલ્લી આંખે પ્રકાશ–પ્રકાશ–પ્રકાશના કિરણોથી ઓરડો છવાઈ ગયો. જાણે રામકૃષ્ણદેવે કહ્યું કે "હું અહીં જ છું. પ્રેમથી યાદ કરો તો હું અહીં જ છું."

આ અનુભવ આ સ્થાનમાં અદ્‌ભુત આનંદદાયક હતો. બહાર આવીને પૂ. શ્રીને વાત કરવી હતી. પણ સૌ ભક્તો સાથે સર્વેશ્વરી કાલીમાતાના મંદિરે દર્શને ગયાં હતાં. પૂ. શ્રી ઘાટમાં ચરણો ધોઈને ફરી આવી જતાં સૌને પૂછ્યું "દર્શન કર્યા? ન કર્યા હોય તો કરી લો. જે ત્યાં છે તે જ અહીં છે. તે બોલતાં નથી, આ બોલે છે." સર્વેશ્વરી તરફ આંગળી ચીંધી ફરી કહ્યું, "કરી લો દર્શન, ન કર્યાં હોય તો." આ સાંભળી શ્રી વિનુભાઈ ને શ્રી શાંતિભાઈ સર્વેશ્વરીને પ્રણામ કરે છે.

સૌ ભક્તો સાથે પૂ. શ્રી ચોકમાં ફરી રહ્યા છે. ત્યાં સર્વેશ્વરી



વાત કરે છે પોતાના અનુભવની. તો પૂ. શ્રી કહે "સરસ અનુભવ થયો. હવે મને શું અનુભવ થયો તે કહું." એમ કહી પૂ. શ્રીએ પોતાનો અનુભવ વ્યક્ત કર્યો.

"આજે હું પણ એ ઓરડામાં બેઠો તો મને અનુભવ થયો કે મારા શરીરના રોમેરોમમાંથી રામકૃષ્ણદેવનાં સ્વરૂપો નીકળવા લાગ્યાં. જગદંબા કહે એવા હજારો રામકૃષ્ણો સર્જી શકું છું. હું જ તમારા રૂપે આવી છું. તે પણ મારું જ રૂપ હતું. તમે પણ મારું જ રૂપ છો." આ અનુભવ અલૌકિક હતો.

સૌ ભક્તોને આનંદ થયો. ત્યારબાદ શિવાલય તરફ દૃષ્ટિપાત કરી સૌ આગળ વધ્યા. બહાર જઈને સૌએ પૂરી, સમોસા, દાળનું ભોજન કર્યું. પૂ. શ્રીએ (ખુલ્લામાં રાખેલ ભોજનની અરૂચિ અથવા સૂગને લીધે) અને સર્વેશ્વરીએ બંનેએ ભોજન ન કર્યું.

નાસ્તો કરી પાસેના ઇન્ટર નેશનલ ગેસ્ટ હાઉસના શાંત-મેદાનમાં આવીને થોડો આરામ કર્યો.

આરામબાદ દક્ષિણેશ્વરથી જી. ટી. રોડ ઉપર આવી ચાંપા-ડાંગાના માર્ગની પૂછપરછ કરી આગળ ચાલ્યા. દશેક મિનિટ જ આગળ ચાલ્યા જ્યાં એક ગામ આવ્યું. ત્યાંથી ૩૬ કિ. મી. ચાંપાડાંગા, ત્યાંથી બીજા ૨૧ કિ. મી. આરામ બાગ, ત્યાંથી ૮૮ કિ. મી. તારકેશ્વરના પ્રખ્યાત તીર્થમાં આવી ગયા.

તારકેશ્વર ભગવાન શંકરનું પ્રસિદ્ધધામ છે. બંગાળમાં એ ખૂબ જાણીતું છે. ત્યાં દર્શન કરી ફરી આરામબાગ આવી. આરામબાગથી ૧૪ કિ. મી. કામારપુકુરના પવિત્ર તીર્થસ્થાનમાં આવી ગયા.

આ પવિત્ર તીર્થમાં પ્રવેશતાં જ એક નેપાળી ચોકીદાર જે હિન્દી જાણકાર હતો તે મળ્યો. તેની મારફત રેસ્ટહાઉસની તપાસ થઇ. આરામબાગથી ચિઠ્ઠી લાવે તેને જ આ રેસ્ટહાઉસ મળે એવી વાતો થઇ પણ પછી થોડીવાર બાદ રેસ્ટહાઉસ મળી ગયું. બાજુમાં જ પૂરી ને શાક બનાવડાવ્યાં. સૌએ તે લીધાં પહેલાં નીચે મુજબ આજે સત્સંગ થયો. સૌ પ્રથમ ધ્યાન ત્યારબાદ ભજન, ધૂન પછી વાર્તાલાપ પૂ. શ્રીએ આપ્યો.

તીર્થો कुर्वन्ति साधवः ।

સંતો જ્યાં જ્યાં વસે ત્યાં ત્યાં તીર્થ બને છે. ગીતામાં ભગવાને કહ્યું, "યુગે યુગે પ્રગટું છું. એના અનુસંધાનમાં જ્યારે જ્યારે ભારતને સંતોની જરૂર હતી ત્યારે ત્યારે સારા પ્રમાણમાં સંતો થયા. રામકૃષ્ણદેવના જમાનામાં પણ ઘણા સંતો હતા. ગુજરાતની ભૂમિમાં પણ તે જ સમયે મહાપ્રતાપી વિભૂતિ–જેનો યશ વિશ્વમાં ફેલાયેલો તે મોરબી પાસે ટંકારાના મૂળશંકર–દયાનંદ જેને મહર્ષિ દયાનંદ કહેવામાં આવે છે. રામકૃષ્ણમિશનની જેમ તેમની સંસ્થા આર્યસમાજ શરૂ થઇ. મુંબઇ–પંજાબમાં એનો પ્રચાર વધુ. ગુજરાતમાં ઓછો, પણ એ પ્રતાપી મહાપુરુષ માટે ગુજરાત ગૌરવ લઇ શકે એમ છે. એમનું પુસ્તક "સત્યાર્થ પ્રકાશ"ને વેદો જ જાણનાર વિવેકાનંદ કરતાં જરાયે ઉતરતા નથી. એવા શંકરપ્રેમી, નીડર, નિર્ભય, બ્રહ્મચારી દયાનંદ કે જેનું જીવનચરિત્ર ઝવેરચંદ મેઘાણીએ લખ્યું. 'ઝંડાધારી' દરેકે વાંચવા જેવું છે. મેં તો ૧૪–૧૫ વરસની નાની ઉંમરે જ વાંચેલું. એ મહર્ષિ દયાનંદ રામકૃષ્ણદેવને દક્ષિણેશ્વર મળવા આવ્યા. વાતો થઇ. મહર્ષિએ કહ્યું થોડા વરસ પહેલાં મેળાપ થયો હોત તો મારા વિચારોમાં ફેર પડી જાત.



રામકૃષ્ણદેવના જ જમાનાના જ. થોડા આગળપાછળ મહાત્મા ગાંધી. બેલુરમઠની સ્થાપના થઇ. ગાંધીજીએ વિવેકાનંદને મળવાની ઇચ્છા બતાવી, પણ વિવેકાનંદ મળી ન શક્યા.

દક્ષિણેશ્વર કે જ્યાં મહાન સંતોનાં પગલાં પણ પડયાં તો તે પવિત્ર તીર્થ કહેવાય. રામકૃષ્ણદેવના જમાનામાં શીરડીમાં સાઇ-બાબા, હૂબલીમાં સિદ્ધારૂઢ સ્વામી, કાશીમાં કચ્ચે બાબા, સરયે બાબા, દક્ષિણમાં રમણ મહર્ષિ તે જ જમાનામાં પ્રારંભ થયેલો. આવા મહાપ્રતાપી પુરુષો થયા. કેટલાકને જગતે જાણ્યા કેટલાકને જગતે ન જાણ્યા.

આ રીતે ભારતની પુણ્યભૂમિ સંતો વિનાની રહી નથી. આ કામરપુકુર પણ મહાન તીર્થ છે.

બીજા બધા સંતો અને શ્રી રામકૃષ્ણદેવના વિચારોમાં અંતર હતું.

બંગાળના કવિઓ પણ જાણીતા હતા. શ્રી ચંડીદાસ, શ્રી વિદ્યાપતિ શ્રી રામપ્રસાદ જે (ભક્તકવિ જગદંબાના ઉપાસક હતા. જેનાં ભજનો રામકૃષ્ણદેવને ખૂબ ગમતાં) બંગાળનું સંગીત પણ વખણાય છે.

ક્રિકેટની રમતમાં કેટલાક ફીલ્ડર, કેટલાક બોલર, કેટલાક બેટ્સમેન હોય છે એમ.

જેમ ભોજનમાં કેટલાંકને મિષ્ટાન્ન જ પ્રિય હોય, કેટલાંકને સાદુંભોજન પ્રિય હોય છે.

એ રીતે સંતો ઘણા થયા પણ કેટલાંક બોલર જ થયા. કેટલાંક મિષ્ટાન્ન પ્રિય જ થયા. કેટલાંક નિરાકારવાદી થયા જેવા

કે દયાનંદ, રમણ મહર્ષિ. કેટલાંક સગુણ ઉપાસક તુકારામ જેવા થયા.

પણ સગુણ અને નિર્ગુણ બંનેનો સમન્વય, જ્ઞાન, ભક્તિ ને યોગનો સંગમ શ્રી રામકૃષ્ણદેવમાં જ જોવા મળ્યો. એ રામકૃષ્ણદેવની વિશેષતા હતી. એથી જ વિવેકાનંદ જેવા મહાન વ્યક્તિત્વનું સર્જન શક્ય બન્યું.

વાર્તાલાપ બાદ પ્રણામ કરી સૌએ આરામ કર્યો. હરિઃ ૐ

( ક્રમશઃ )


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૨




# માતૃદર્શનનો મહોત્સવ–૪

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

માતૃદર્શનના મહોત્સવના પરમાનંદના દિવસો પાણીના રેલાની પેઠે વેગથી વહી રહ્યા છે. પણ પછી શું? પછી પણ એ જ દિવ્યદર્શનની ઝંખના જાગી જવી જોઇએ, એકવાર એ દિવ્યદર્શનની દિવ્યતૃષા જાગી ગઇ તો તો બેડો પાર થઇ ગયો સમજવો. પૂ. મા તો કરુણામયી છે, પરમકૃપા નિધાન છે. જેમણે પણ પોતાના અંતરને માતૃપ્રેમના સનાતન સંગીતથી ગુંજતું કર્યું છે. તેની સાધના પણ સનાતન બની ગઇ. કાળદેવે આપણા પર કેવી પરમકૃપા કરી છે તે તો જુઓ! પરમશક્તિને આપણી સમક્ષ સાક્ષાત્ પ્રકટાવીને પોતાની યુગપ્રભાવની પકડમાંથી આપણને મુક્ત કર્યા છે. સમયદેવતા આપણી સમક્ષ સુવર્ણતકોનો અમૂલ્ય થાળ લઇને ઊભા છે. જેણે એ થાળને વધાવી લીધો તેને પરમશક્તિએ પોતાના કરી લીધા અને જેઓ અવનિના એ આશ્ચર્ય સામે પ્રશ્નાર્થ કરીને ઊભા રહ્યા તે રહી ગયા!

પૂ. મા તો સનાતન વૈભવ ધરીને એ સામે જ બેઠાં, સાવ નજીક, પણ એ શાશ્વત સૌંદર્યને પારખનારાં શ્રદ્ધાભર્યાં અંતર્ચક્ષુ ક્યાં?

એના શું સુંદર ના કોઇ,
એ સમર્થ શાશ્વત પણ સોઇ;
છોડી દે ભ્રાંતિ બધી નારી,
દે દુષ્ટ કામનાને મારી;

પાગલ મન, ભજને ભાવ કરી,
આ અવસર અમૂલખ જાય સરી;
રૂપ ખરેખર રઢિયાળુ છે,
મન, સમજી લે તો સારું છે.

આ માતૃદર્શનનો મહોત્સવ આપણે એટલા માટે જ ઉજવી રહ્યા છીએ કે કેમેય કરીને આપણને આ દિવ્ય માતૃદર્શનની રઢ લાગી જાય! એ ચરણોમાં ચિત્ત ચોંટી જાય! મા સર્વેશ્વરીજી નામને ગાવાનો રંગ લાગી જાય. એ પ્યારી પ્યારી ગોદમાં રમવાનું ગમી જાય!

અત્યારે ૯, નવેમ્બર '૯૦ નું સુંદર સવાર મંગલાના મંગલદર્શનનું દાન લઈને આવ્યું છે, આછી સ્મિતરેખાથી સોહતા વિમલ વદનને વિલોકીને રામાયણનું ગાન સાંભળવું કે એ દર્શનનું અમૃતપાન કરવું તે નિર્ણયમાં અટવાતું મન ઘડીકનાય વિલંબ વિના એ સુધારસના સ્વાદમાં લાગી જાય છે. વાતાવરણ પૂ. માના માધુર્યસભર કંઠમાંથી વહેતા મીઠા રાગથી ગુંજતું થઈ ગયું છે. પૂ. મા વહેલી પ્રભાતે જ સૌને ઢંઢોળી રહ્યાં છે. જેથી મોડું થાય તે પહેલાં સૌ જાગી જાય. જીવનના પરોઢે જાગી જવાય તો જીવનસંધ્યાએ મંઝીલે પહોંચી જવાય!

સુઈ રહ્યો મુસાફીર, રજની ગઈ છે વીતી.
જાગી હવે ગમનની, વિધિ ને કરી સારી.

બહુ દૂર છે જવાનું, રહેવાનું ના સમીપે,
છે ભાવિની ખબર ના, કેવી થઈ ખુવારી!... સુઈ.

પૂંજી બધી ગુમાવી, નવ છે કરી કમાણી,
સાથે ના રહેશે કાંઈ, કીધું કરજને ભારી... સુઈ.



માર્ગે જ ચોર આવ્યા, પરવશ બનાવી કાયા,
પરદેશમાં ફસાયો, ઘરને વિમલ વિસારી... સુઈ.

જોજે વિલંબ થાયે, ઘરનો જ સંગ જાયે,
બ્રહ્માનંદ કાળ વિતે, તજ નિંદ ભોર પ્યારે... સુઈ.

ઘરનો જ સંગ છે ભાઈ! આ મા, અને આ સમય પાછાં ક્યારે મળવાનાં! ત્રિભુવનમાં પણ જેની આણ વર્તે તે મા આપણા ઘરનાં જ નથી લાગતાં? તો પછી એ સમર્થ સથવારે ચાલી નીકળીએ, ઢીલ શા માટે? મા સર્વેશ્વરીનો વરદ હસ્ત મસ્તકે હશે. તો પછી કોની તાકાત છે કે આપણી સામે આંગળી ચીંધી શકે, પછી માર્ગમાં ચોરનો પણ ભય ક્યાં? આપણો વિસામો, ઘર કે મંઝીલ બધું મા જ છે, અને તે પણ છેક જ પાસે, આપણે તો એ પાવન શ્રી ચરણોને વળગી જવાનું છે, અનંતકાળ સુધી અનંત વાત્સલ્યની આવી ખોળાધરી બીજું કોણ આપશે? ચાલોને થઈ જઈએ માના બાળક, બેસી જઈએ એ ગોદમાં, એ હૂંફ, એ વાત્સલ્ય એ સથિયારો બીજે ક્યાં મળશે?

પ્રેમમય પરમાત્માનું માતૃસ્વરૂપ આટલું બધું મધુમય, હશે તેની તો કલ્પના સુદ્ધાં ન હતી! જાણે પ્રેમનો પારાવાર! વાત્સલ્યનો વારિધિ, શુચિસ્નેહનો મહાસાગર! શું લખીએ? શબ્દો ક્યાં શોધવા જવા? એટલે જ આવું પ્રેમાળ માધુર્યસભર માતૃસ્વરૂપ જોઈને પ્રભુ ગાઈ ઉઠયા!

મધુર મધુર ઓ મધુર મધુર!
મધુર તમારું સર્વ મધુર, ઓ મધુર મહારસથી ભરપૂર!
મધુર મધુર ઓ મધુર મધુર!

પૂ. મા સર્વેશ્વરીના સાચા માતૃસ્વરૂપને જેઓ પામ્યા છે,

અંતરથી જેમણે આરાધ્યાં છે તેમની વાણી બસ, એક જ સહજાનંદનો અનુભવ કર્યા કરે છે.

'ત્વમેકં શરણ્યં ત્વમેકં વરેણ્યમ્'

તપ કે ભક્તિ તો આપણે બીજી શું કરીએ, પરંતુ એક સુવર્ણ અવસર પ્રભુએ આપ્યો છે કે ગોપીકાઓ જેમ કૃષ્ણપ્રભુના લીલા-સ્વરૂપોમાં રમમાણ હતી તેમ આપણે પણ એ દિવ્ય માતૃસ્વરૂપના લીલાદર્શનમાં દેહભાન ભૂલી જઇએ!

જુઓને, પૂ. મા અત્યારે રામાયણગાનમાં પણ એ જ પ્રભુના લીલાપ્રસંગોનો મહિમા ગાઇ રહ્યાં છે. પૂ. મા કહે "ભરત અને અયોધ્યાની પ્રજા ભગવાન રામને પાછા અયોધ્યા લાવવા વનમાં ગયાં છે. શ્રી રામ તેમને સૌને પાછા અયોધ્યા જવા સમજાવે છે ત્યારે સૌ એકી અવાજે બોલી ઉઠે છે કે રામવિનાની અયોધ્યામાં જઇને અમે શું કરીએ? જો રામસંગ મળતો હોય તો અમે સૌ અહીં વનમાં જ રહી જઇએ! ચૌદ વર્ષ તો રામદર્શનમાં ક્યાં વીતી જશે તેની ખબર પણ નહીં પડે! પ્રભુનું પ્રત્યક્ષ સાન્નિધ્ય મળતું હોય તો એ લીલાસ્વરૂપના દર્શન છોડીને બીજા જીવન-ધ્યેયને માટે વળી ક્યાં ભમવું? જે મેળવવાનું છે તે તો સામે જ છે!"

જીવની સહજ નબળાઇઓ પર કટાક્ષ કરતાં હસતાં હસતાં પૂ. મા કહે "અયોધ્યાના પ્રજાજનોની જેમ વિચારવાને બદલે આપણે તો અહીં બેઠાં બેઠાં એમ વિચાર કરીએ છીએ કે ક્યારે આ પારાયણ પૂરું થાય ને ક્યારે ઘરભેગા થઇ જઇએ. સંસારના પ્રસંગો માટે આપણે રજાઓ લઇએ છીએ, પરંતુ પ્રભુના પ્રસંગો માટે રજા લેતાં તો જાણે જીવ નીકળી જાય છે! રસાળ ભોજન,



આરામદાયક રહેવાનું, બેસવાનું અને ઉપરથી પ્રસાદના પડીકાંઓ અને આઇસ્ક્રીમ બધું જ મફત! આપણે તો ફક્ત હરિનામ લેવાનું છતાંય મન છટકબારી શોધે છે!"

પૂ. મા એક વાત વારંવાર ગળે ઊતરાવવા માગે છે કે સત્સંગના મણિને હાથેથી શા માટે ખોઇ નાંખો છો? એ પાછો મળે કે ના પણ મળે! બધું જ પાછું આવી શકે છે પરંતુ હરિભજનનો અવસર પાછો નહિ આવે. સંસારને ભજતાં ભજતાં હરિને ભજવાનું ભૂલો નહિ.

સતી અનસૂયા સીતામાતાને પતિવ્રતા ધર્મ સમજાવે છે તે પ્રસંગને યાદ કરતાં પૂ. મા કહે કે પતિવ્રતા ધર્મનું પાલન જેમ પત્નીએ કરવું જોઇએ, તેમ એક પત્નીવ્રત ધર્મનું પાલન પતિએ પણ કરવું જોઇએ! વિશ્વા, પ્રેમ, વફાદારી પરસ્પર હોવાં જોઇએ! એક ચક્રથી રથ ના ચાલે, એક હાથથી તાળી ના વાગે, તેમ સંસારનું સુખ ફક્ત સૂરજના અજવાળે નહિં મળે, તેમાં પૂનમનો પ્રકાશ પણ જોઇશે! અહર્નિશ આનંદ માટે બંનેએ પોતાના ધર્મનું પાલન કરવું પડશે.

પૂ. માના સાન્નિધ્યમાં રામાયણગાન વખતે વાતાવરણ એટલું તો સાત્ત્વિક અને પવિત્ર લાગે છે કે જાણે એ પવિત્રતાને અંતર-થી પીધા જ કરીએ. સંતના સાન્નિધ્યમાં કેવું દિવ્ય વાતાવરણ સર્જાય છે, કેવી સૂચિતાની સૃષ્ટિ રચાય છે, અંતર કેવા પવિત્ર ભાવોનો અનુભવ કરે છે, તે માણવાનો અક વિરલ અવસર આ રામાયણગાન વખતે સૌને મળ્યો છે. આ ત્રણ કિશોરોની જ મસ્તી જુઓને! મનીષ, જીજ્ઞેષ અને સચીન વ્યાસપીઠ પાસે બેસીને જે ભાવોર્મિના મોજાંઓ પર સવારી કરીને એવા તો

પ્રભુપ્રેમની મસ્તીમાં મગ્ન થયા છે કે બસ એ કિશોરોના ભાવને જાણે માણ્યા જ કરવાનું મન થાય! કિશોરોને પણ જો સત્સંગનું સંસ્કારી વાતાવરણ પૂરું પાડવામાં આવે તો એ કિશોરવયની ચંચળતામાં પણ પ્રભુપ્રેમના સંસ્કારો કેવા દૃઢ, સ્થિર થાય છે તેનું દર્શન પણ કરવા જેવું છે. વાજીંત્રોના તાલ સાથે આ ત્રણેય કિશોરો વચ્ચે વચ્ચે જે ઉમંગથી મોટાસાદે પ્રભુનો જયજયકાર બોલાવે છે ત્યારે તો સૌ એ પ્રેમપ્રવાહમાં સહજ તણાઈ જાય છે. આઠ આઠ કલાક સુધી આ બાળકો રામાયણગાનમાં મસ્ત રહે છે.

છોકરાઓને આવા સંસ્કારી વાતાવરણમાં રાચતા જોઈને પૂ. મા તો જાણે રાજીના રેડ! જીવનમાં ઉષઃકાળમાં હરિનામને ગાવા-નો રંગ લાગી જાય એટલા માટે પૂ. મા આવા બાલભક્તોને ભારે પ્રોત્સાહન આપે. પૂ. માનો દિવ્યપ્રેમ આ બાળકોને એવું તો ઘેલું લગાડે કે પૂ. માએ આપેલાં માળાના અને સ્વાધ્યાયના નિયમો આ બાળકો હોંશે હોંશે પાળે. ચોકલેટ અને આઈસ્ક્રીમના આકર્ષણ સાથે સાથે પ્રભુપ્રેમની ગોળીઓ પણ પૂ. મા આ બાળકોને એવી તો સિફતથી ગળે ઉતરાવી દે કે એ શિશુવયના સંસ્કારો દિવ્યતાથી દીપી ઉઠે!

સારા કામને પ્રોત્સાહન આપવાની પૂ. મા જરાપણ વાર ન લગાડે! આ છોકરાઓ ભારે ઉત્સાહપૂર્વક આખો દિવસ રામા-યણનું ગાન કરે એટલે પૂ. માએ ખાસ તેમને પોતાના હસ્તે બાળકોની છાતીએ પોતાના સુંદર સ્વરૂપના મેડલો લગાવી દીધા. છોકરાઓ તો જાણે હર્ષમાં કૂદાકૂદ! નોબેલપ્રાઈઝ પણ આ નોબલપ્રાઈઝના ગૌરવને ક્યાંથી આંબી શકે!

અહીં રામાયણ પારાયણ એ ફક્ત પારાયણ જ નથી પરંતુ



જીવન પરિવર્તનની એક જીવંત પ્રક્રિયા છે. અહલ્યાઓનો અહીં ઉદ્ધાર છે, અંગુલીમાળ અને ભગવાન ગૌતમની ગૌરવગાથાનું અહીં પુનરાવર્તન છે. વાલ્મિકીનાં સંસ્કારોનો અહીં ઉદય છે. કારણ કે પરમશક્તિના પ્રત્યક્ષ પ્રેમનું પીઠબળ છે.

આમ તો રામાયણ પારાયણનો પ્રસંગ હરદ્વારમાં ગંગાકિનારે ઉજવવાનો હતો. પરંતુ પૂ. માએ એકાએક નિર્ણય ફેરવતાં જેઓને ખબર પહોંચી ના શકી તેઓ તો હરદ્વાર પહોંચી પણ ગયાં! ગંગાજી પહોંચી જનારાઓમાં એક હતા મુંબઈના શ્રી સુમનભાઈ અને તેમનાં ધર્મપત્ની. જ્યારે અહીં વડોદરામાં શ્રી ભરતમુનિના આશ્રમે તો રામાયણના ગાને એવો તો રંગ જમાવ્યો કે સૌ દુનિયાદારીનું ભાનભૂલીને રામાયણની આ જ્ઞાનગંગામાં પ્રત્યક્ષ સ્નાન કરવા લાગ્યા! એક તરફ રામાયણની જ્ઞાનગંગા અને બીજી બાજુ પૂ. માનાં પ્રત્યક્ષ દર્શનની ભવ્ય ભાગીરથી, શશીના સાન્નિધ્યે જેમ સાગરમાં ભરતી ચડે તેમ સૌનાં હૈયાં આ પ્રત્યક્ષ તીર્થમાં સ્નાન કરતા ભાવની ભરતીથી ઉભરાવા લાગ્યાં. સમય જાણે સરી જતો લાગ્યો!

બરાબર પારાયણના ચોથે દિવસે શ્રી સુમનભાઈના ખભે ચડીને ગંગાજી સામેથી અહીં ભરતમુનિના આશ્રમે પધાર્યાં! પૂ. માના અંતરમાં એક પવિત્ર સંકલ્પ ઉઠ્યો હતો કે રામાયણનું પારાયણ ગંગાતટે કરવું, પરંતુ પૂ. મા ગંગાતટે જઈ ન શક્યાં, પૂ. માના અંતઃકરણમાં જે પવિત્ર સંકલ્પ ઉઠ્યો હતો તેની પૂર્તિ પ્રભુએ ગંગાજીને અહીં સામેથી મોકલીને જાણે કરી! ભગીરથે ભાગીરથીનું અવતરણ આ પૃથ્વીપર કર્યું હતું તેમ અહીં પણ પૂ. માના પવિત્ર સંકલ્પે, ભાગીરથીના ભવ્ય આગમને ગંગાતટે

પારાયણ કરવાનો પવિત્ર સંકલ્પ અદ્‌ભુત રીતે પૂર્ણ કર્યો! પૂ. માના પવિત્ર સંકલ્પે રામાયણ અને ગંગાતટ જાણે અહીં પ્રત્યક્ષ બની ગયા!

પૂ. માએ અહીં કથામંડપમાં ગંગાજીનું ભવ્ય સ્વાગત કર્યું! વ્યાસપીઠ આગળ ગંગાજીને પધરાવી તેમને પુષ્પહારોથી સન્માન કર્યું. પૂ. માનો આનંદ જાણે આજે અંતરમાં સમાતો નથી! પ્રવચનમાં ગંગાજીને ભાવાંજલિ અર્પી. ગંગાજીના શુભાગમને સૌ ભાવિકજનોમાં જાણે હર્ષની હેલી ઉમટી પડી! આટલાથી સંતોષ થયો ન હોય તેમ પૂ. માએ ચાલુ કથાએ સૌ વચ્ચે ફરીને સ્વહસ્તે સૌને ગંગાપાન કરાવ્યું અને એ પવિત્ર છંટકાવથી સૌને ગંગાસ્નાન પણ કરાવ્યું! ઘેર બેઠાં ગંગા તે આનું નામ! પૂ. માના સહજ પવિત્ર સંકલ્પે એક અદ્‌ભુત રોમાંચની સૃષ્ટિ ખડી કરી દીધી!

રામાયણના કેવટ પ્રસંગની જેમ અહીં પણ આ ગંગાપ્રાકટ્ય પ્રસંગે ગંગાજળે પ્રક્ષાલિત પ્રભુના શ્રી ચરણોના ચરણામૃતનું પાન પૂ. માની કૃપા થકી સૌએ કર્યું. અદ્‌ભુત વાતાવરણ વચ્ચે એક અપૂર્વ પ્રસંગ જાણી સૌ ધન્ય બની ગયા. પ્રભુપ્રેમના પ્રસંગોનું સાક્ષીપણું પણ ક્યાંથી?

ધન્ય ભાગ્ય તેનાં, જેણે પ્રેમ પી નિહાળ્યો નેણે,<br>
સુખને શું કહેશે વેણે રે?

પૂ. મા ગંગાજી પ્રત્યે જે ભાવ રાખે છે તે દિવ્યભાવ ગંગામાતાએ પણ શ્રી સુમનભાઈને નિમિત્ત બનાવીને જે અલૌકિક રીતે વ્યક્ત કર્યો તે પ્રસંગ આધ્યાત્મિક જગતની દિવ્યતાની દીવાદાંડી સરીખો છે. બાળકોને તો આ બંને માતાઓના વાત્સલ્ય-



ભાવમાં ભીંજાવાનું સુખ કલ્પવૃક્ષ કે કામધેનુને પણ ભુલાવે તેવું હતું!

સગરપુત્રોના ઉદ્ધાર માટે ગંગાવતરણ થયું, તો આજે પણ એ જ સગરવંશજોના ઉદ્ધાર માટે પ્રેમ અને કરુણાની ગંગા પૂ. મા સર્વેશ્વરીના રૂપમાં વહી રહી છે. પછી ડર શાનો, ગમે તેવા અધમપાપનો ડંખ લાગી ગયો હશે તો પણ ચિંતા શા માટે કરીએ? મા, બેઠી છે ને! એ વાત્સલ્ય સભર ગોદમાં બેસીને પ્રેમ અને કરુણારૂપી પયપાનનો એકાદ ઘૂંટ ભરી લેજોને, શું મજાલ છે કે એ પયપાનના અમૃતઘૂંટ પછી જગતની બુરાઈ આપણને પીડી શકે?

દેખી બૂરાઈ ના ડરું હું શી ફિકર છે પાપની?<br>
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# ગાયત્રી મંત્રની વિચારણા

યોગેશ્વરજી

ગાયત્રી મંત્રનો મહિમા પુરાતનકાળથી સાધકોમાં સર્વત્ર પ્રવર્તમાન છે. એ મંત્ર પ્રત્યે સાધકો વિશેષ પ્રેમ રાખે છે અને માને છે કે એ મંત્ર સર્વપ્રકારે કલ્યાણકારક છે. એ એક સિદ્ધ મંત્ર હોવાથી તેનો આશ્રય લેવાથી સહેલાઈથી શક્તિ, સ્થિરતા તથા સિ[illegible] સાંપડે છે. જેને ગુરુ દ્વારા કોઈ મંત્ર મળ્યો હોય અથવા મળ્યો ના હોય તે પણ એનો આશ્રય લઈ શકે છે. એનો આશ્રય સર્વપ્રકારે સુખકારક થાય છે. એટલે જ સાધકોમાં પુષ્કળ પ્રિય છે.

કેટલાક સાધકો પૂછે છે કે ગાયત્રી મંત્ર કોનો મંત્ર છે. સૂર્યનો કે સૂર્યની શક્તિનો? આપણે એમના પ્રત્યુત્તરમાં કહીશું કે બંનેમાંથી કોઈનો નહિ. એ મંત્ર તો સર્વેશ્વર, સર્વસમર્થ, સર્વ-વ્યાપક; સર્વનિયંતા, સર્વાધાર પરબ્રહ્મ પરમાત્માનો છે. એના સમર્થન માટે ગાયત્રીના આહવાહનનો નીચેનો પ્રાચીન શાસ્ત્રમંત્ર વિચારવા જેવો છે :

ૐ ગાયત્રીં ત્ર્યક્ષરાં બાલાં, સાક્ષસૂત્રકમંડલુમ્,<br>
રક્તવસ્ત્રાં ચતુર્વક્ત્રાં હંસવાહનસંસ્થિતામ્,<br>
બ્રહ્માણીં બ્રહ્મદૈવત્યાં બ્રહ્મલોકનિવાસિનીમ્,<br>
આવાહ્યામ્યહં દેવીમાયાતીં સૂર્યમંડલાત્,<br>
આગચ્છ વરદે દેવિ ત્ર્યક્ષરે બ્રહ્મવાદિનિ,<br>
ગાયત્રિ છંદસાં માતર્ બ્રહ્મયોનિ નમોઽસ્તુ તે.



એનો ભાવાર્થ આ પ્રમાણે છે : ત્રણ અક્ષરવાળી અથવા ત્રણ ઓમકારથી યુક્ત કૌમાર્યાવસ્થાવાળી, યજ્ઞોપવિત, માળા તથા કમંડળથી સુશોભિત, લાલ રંગના પ્રકાશમય વસ્ત્રોને પરિધાન કરનારી, ચાર વેદના ચાર મુખવાળી, હંસનાં વાહન પર બિરા-જેલી, બ્રહ્મશક્તિથી સંપન્ન, બ્રહ્મસ્વરૂપા, બ્રહ્મલોકમાં રહેનારી હે ગાયત્રીદેવી, હું તમને સૂર્યમંડળમાંથી બોલાવી રહ્યો છું. હે ત્રણ અક્ષર અથવા ઓમકારવાળી બ્રહ્મવાદિની બ્રહ્મયોની આનંદસ્વરૂપા ગાયત્રીમાતા, તમને પ્રણામ કરું છું.

એ મંત્રમાં કરાયેલું ગાયત્રી વર્ણન ખૂબ જ સારગર્ભિત અને સૂચક છે. એમાં ગાયત્રીને સૂર્યાણી સૂર્યદૈવત્યાં સૂર્યલોક નિવાસિનીમ્ કહેવાને બદલે બ્રહ્માણીં બ્રહ્મદૈવત્યાં બ્રહ્મલોક નિવાસિનીમ્ કહેવામાં આવી છે. એ હકીકત સૂચવે છે કે ગાયત્રી સૂર્યની અથવા સૂર્યમાં રહેનારી શક્તિ નથી. પરંતુ બ્રહ્મલોકમાં રહેનારી પરબ્રહ્મ પરમાત્માની પરાત્પરા પરમશક્તિ છે. પર-માત્મરૂપા છે. એથી જ એને સૂર્યયોનિ તરીકે ઓળખાવવાને બદલે બ્રહ્મયોનિ તરીકે ઓળખાવવામાં આવી છે.

પ્રશ્નકર્તા પૂછી શકે છે કે જો એમ જ હોય તો, એ જ મંત્રમાં હે દેવી, તમે સૂર્યમંડળમાંથી આવો એમ કેમ કહેવામાં આવ્યું છે? ગાયત્રી દેવીને સૂર્યમંડળમાંથી આ પાર્થિવ પૃથ્વી પર આવવાનું કહેવામાં આવે છે, એનો સ્પષ્ટ સંશયરહિત અર્થ એવો નથી કે ગાયત્રીદેવીનો નિવાસ સૂર્યમંડળમાં છે? એના સમાધાન માટે આપણે જણાવીશું કે ના, એનો અર્થ એવો નથી. ગાયત્રીનું આહ્‌વાહન કરતી વખતે એને સૂર્ય મંડળમાંથી પૃથ્વી પર પધારવાનું કહ્યું છે. એનું એકમાત્ર કારણ એ છે કે ગાયત્રી પરમાત્મસ્વરૂપા છે અને પરમાત્માના પરમધામમાં અથવા

બ્રહ્મલોકમાં રહે છે; પરંતુ બ્રહ્મલોકમાંથી પાર્થિવ પૃથ્વી પર આવતી વખતે સૂર્યલોક કે સૂર્યમંડળમાંથી જ આવવું પડે છે. પહેલાંના વખતમાં મુંબઈને ભારતનું પ્રવેશદ્વાર અથવા 'ગેઈટ વે ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખવામાં આવતું. તેમ સૂર્યમંડળને શાસ્ત્રોમાં પરમધામ કે બ્રહ્મલોકનું પ્રવેશદ્વાર અથવા 'ગેઈટ વે ઓફ બ્રહ્મ-લોક' કહેવામાં આવે છે. એટલે જ પરમાત્માના પરમધામમાં રહેનારી પરમાત્મા સ્વરૂપા ગાયત્રીદેવીને ત્યાંથી આવતી વખતે સ્વાનુભવ સંપન્ન ઋષિવરોએ સૂર્યમંડળમાંથી પસાર થઈને પૃથ્વી પર આવવાનું જણાવ્યું છે.

બ્રહ્મસૂત્રમાં 'સૂર્યરશ્મ્યનુસારી' સૂત્ર છે. તે સૂત્રદ્વારા એના રચયિતા મહર્ષિ વ્યાસ જણાવે છે કે જે બ્રહ્મદર્શી મહાપુરુષ બ્રહ્મ-લોકમાં કે પરમાત્માના પરમધામમાં પ્રવેશવાની ઈચ્છા રાખે છે તે પોતાના પાર્થિવ તનુને પરિત્યાગીને સૂર્યના કિરણોનો આશ્રય લઈને એમની મદદથી સૂર્યલોકમાં પહોંચે છે અને ત્યાંથી વધીને બ્રહ્મલોકમાં પ્રવેશે છે.

ઉપનિષદમાં એનું સમર્થન બીજી રીતે કરવામાં આવ્યું છે. એમાં કહેવામાં આવ્યું છે કે જે વિદ્વાન પુરુષ તપશ્ચર્યાનો આધાર લઈને શ્રદ્ધાપૂર્વક શાંતિસહિત અપરિગ્રહવૃત્તિથી અથવા ભિક્ષાન્ન દ્વારા જીવનનિર્વાહ કરીને એકાંત અરણ્યમાં વસે છે તે પરમ પવિત્ર બનીને સૂર્યદ્વાર દ્વારા અવિનાશી અમૃતમય પરમાત્માની પાસે પહોંચે છે.

तपःश्रद्धे ये ह्यपवसन्त्यरण्ये,
शान्ता विद्वांसो भैक्ष-चर्यां चरन्तः ।
सूर्यद्वारेण ते विजराः प्रयान्ति,
यत्रामृतः स पुरुषो ह्यव्ययात्मा ॥ મુંડકઉપનિષદ



જ્ઞાનીપુરુષો બ્રહ્મરંધ્ર ચક્રને સૂર્યદ્વાર કહે છે પરંતુ વિશાળ બ્રહ્મલોકના પ્રવેશ માટેનું સૂર્યદ્વાર દિવ્ય સહસ્રરશ્મિ સૂર્યનું જ છે. બ્રહ્મલોકમાં પ્રવેશવા અને બ્રહ્મલોકમાંથી પાછા ફરવા માટેનો માર્ગ સૂર્યમંડળમાંથી જ પસાર થાય છે. એટલે જ ગાયત્રીમાતાનું આહ્‌વાહન સૂર્યમંડળનું સ્મરણ કરીને કરવામાં આવ્યું છે. ગાયત્રીનું આહ્‌વાહન, ધ્યાન અને ગાયત્રી મંત્રના જપ કરતી વખતે સૂર્યનારાયણની દિશા તરફ અથવા પૂર્વાભિમુખ બનીને બેસવાનું કહ્યું છે તે પણ એટલા માટે જ.

ઉપર્યુક્ત ચિંતન મનન પછી સુચારુરૂપે સ્પષ્ટ થશે કે પવિત્ર પુરાતન પરંપરાગત ગાયત્રીમંત્ર પરમાત્માનું જ પ્રતિનિધિત્વ કરનારો પરમાત્માનો જ મંત્ર છે. ગાયત્રી પરમાત્માની પરમશક્તિ છે, સૂર્યની શક્તિ નથી. જે પરમાત્મામાંથી સહસ્રો સૂર્યોનું પ્રાકટ્ય થાય છે તે જ પરમાત્માની ગાયત્રી સ્વરૂપે ઉપાસના થાય છે, ને થવી જોઈએ.

ગાયત્રીમંત્રનો ભાવાર્થ પરકલ્યાણકારક છે. ગાયત્રી સર્વે છંદોની કે વેદમંત્રોની માતા છે. વેદની ઋચાઓ અથવા વેદના મંત્રોના સારસંદેશને એની દ્વારા પ્રકટ કરવામાં આવ્યો છે. એ સંદેશને સમજી લેવાથી વેદના મર્મને સહેલાઈથી સમજી શકાય છે.

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यम् भर्गोदिवस्य धीमहि धीयो यो न प्रचोदयात् ।

પૃથ્વી, અંતરીક્ષ, સ્વર્ગમાં અથવા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરમાં વસનારા અને એમને સંજીવન સમર્થનારા પ્રણવસ્વરૂપ સૌના પાલક પોષક પરમાત્માના પરમ પવિત્ર પસંદ કરવા યોગ્ય પ્રકાશનું અમે ધ્યાન ધરીએ છીએ; એ અમારી બુદ્ધિને, બુદ્ધિની

સઘળી વૃત્તિઓને પ્રેરિત કરે.

ગાયત્રીમંત્રનો સંક્ષિપ્ત સારાંશ એટલો જ પરંતુ એ મંત્રના સારભાગને શાંતિપૂર્વક સ્વસ્થ ચિત્તે સમજવા જેવો છે. એ પવિત્ર પ્રાણવાન મંત્રમાં **'भर्गो देवस्य धीमहि'** એવો શબ્દપ્રયોગ કરેલો છે; એવા આરંભના શબ્દપ્રયોગ પછી પણ **'धीयो यो नः प्रचोदयात्।'** પ્રયોગ કરાયો છે. એમાં **'देवस्य'** તથા **'यः'** કહ્યું છે તે ખૂબ જ સૂચક છે. એ સારગર્ભિત શબ્દપ્રયોગો તરફ મોટાભાગના માનવોનું ધ્યાન નથી જતું. જો ગાયત્રીમંત્ર ગાયત્રીમાતાનો હોત તો તેમાં **'देवस्य'**ને બદલે **'देव्याः'** પ્રયોગ કરાત અથવા પુલ્લિંગને બદલે સ્ત્રીલિંગ વપરાત અને એવી રીતે **'यः'**ને બદલે **'या नः प्रचोदयात्'** કહેવાત. પરંતુ એવું નથી કહેવાયું. એ પુરવાર કરે છે કે ગાયત્રીમંત્ર દેવોના દેવ આદિદેવ પરબ્રહ્મ પરમાત્માનો છે અને એની દ્વારા કરવામાં આવેલી પ્રેમપૂર્ણ પ્રાર્થના પણ પરમાત્માની જ છે. ગાયત્રી પરમાત્માનું જ નામ છે, એમનું જ પ્રતીક છે, અને એના મંત્રદ્વારા પરબ્રહ્મ પરમાત્માની જ પ્રશસ્તિ કરાઈ છે એ નિર્વિવાદ છે.

ગાયત્રી મંત્રદ્વારા પ્રાર્થના કરવામાં આવી છે કે પરમાત્મા અમારી બુદ્ધિને પ્રેરિત કરે. બુદ્ધિ જ્યારે પરમાત્માથી પ્રેરાય અથવા પરમાત્માની પવિત્ર પ્રેરણાને ઝીલતી થાય ત્યારે સત્યવતી થાય છે ને સન્માર્ગગામિની બને છે. એ ભૂલેચૂકે પણ કુમાર્ગે નથી જતી. એની અંદર અશુભ સંકલ્પોની સૃષ્ટિ નથી થતી. એવી સદ્બુદ્ધિ મેધા અથવા ઋતંભરા પ્રજ્ઞા પર જીવનના પરમ કલ્યાણનો અથવા આત્મવિકાસનો આધાર પહેલો છે. તો પણ ગાયત્રીમંત્રની શક્તિ તેમ જ ફળશ્રુતિ કેવળ સદ્બુદ્ધિની સંપ્રાપ્તિ પૂરતી



સમિત છે એવું નથી સમજવાનું. સદ્બુદ્ધિથી સંપ્રાપ્તિનો અમુલખ લાભ તો એ દ્વારા થાય છે જ પરંતુ એ લાભ એટલેથી જ નથી અટકતો. માનવની બુદ્ધિ જ્યારે પરમાત્માથી પ્રેરિત થાય ત્યારે શુભાશુભના, સત્યાસત્યના સમ્યક્ સુવિચાર દ્વારા સત્યસ્વરૂપ પરમાત્મા પ્રત્યે વળે છે અને અંતે આત્મિક સાધનાની મદદથી પરમાત્માનો સાક્ષાત્કાર કરીને ધન્ય બને છે. પરમાત્માના સુખદ સાક્ષાત્કાર પછી પણ બુદ્ધિ માનવની સામાન્ય અહંતા કે મમતા દ્વારા પ્રેરાવાને બદલે પરમાત્મા દ્વારાજ પ્રેરાય છે. એ બુદ્ધિમાં પરમાત્માનો જ પ્રકાશ પથરાય છે. પરમાત્મા જ એમાં પોતાનો પરમ પવિત્ર પ્રકાશ રેલીને એને માધ્યમ બનાવીને એને અનુપ્રાણિત કરીને પોતાના ઈપ્સિત પ્રયોજનની પૂર્તિ કરે છે.

એ સદ્બુદ્ધિની અંદરની બહારની શક્તિ અને એ સદ્બુદ્ધિ પણ પરમ પ્રકાશમય સર્વપ્રકાશક પરમાત્માની જ થઈ જાય છે. એવી રીતે વિચારતાં સમજાશે કે ગાયત્રીમંત્ર કેવળ સદ્બુદ્ધિની સંપ્રાપ્તિ માટેનો મંત્ર નથી પરંતુ એની મદદથી જે પરમાત્માનું ધ્યાન ધરવામાં આવે છે તે પરમાત્માની કૃપાપ્રાપ્તિનો, અપરોક્ષ અનુભૂતિનો, અને સમસ્તજીવનને સર્વકાળે સર્વસ્થળે સર્વપ્રકારે પરમાત્મામય બનાવવા માટેનો મંગળમય મહામંત્ર છે. એનું શરણ અને એની સહાયતા એવી સર્વાંગીણ સમજ સાથે લેવામાં આવે એ આવશ્યક છે. એવી રીતે એ પરમશ્રેયસ્કર થઈ શકે.

કેટલાક સાધકો પૂછે છે કે ગાયત્રીમંત્રના જપ રાત્રિના સમય દરમિયાન થઈ શકે કે કેમ? એમનું મંતવ્ય એવું છે કે રાત્રિના સમય દરમિયાન સૂર્ય નથી હોતો, અને ગાયત્રીમંત્ર મોટે ભાગે સૂર્યની સામે બેસીને જ કરાતો હોવાથી એ સમય

દરમિયાન ગાયત્રીમંત્ર જપ ના કરી શકાય. કોઇ કરે તો પણ દોષ લાગે. એવા શંકાશીલ વિચારસરણીવાળા સાધકોને માટે કેટલુંક સ્પષ્ટીકરણ આવશ્યક અને આવકારદાયક લેખાશે. સૌથી પ્રથમ વાત તો એ છે કે ગાયત્રીમંત્ર સૂર્ય સામે અભિમુખ બનીને કરાય છે એ પદ્ધતિ પરંપરાગત હોવા છતાં ગાયત્રીમંત્ર સૂર્યમંત્ર ના હોવાથી પ્રત્યેક વખતે અનુકરણીય નથી.

ગાયત્રીમંત્રને સૂર્યનો મંત્ર માનવામાં આવે અને સૂર્ય પ્રત્યે અભિમુખ બનીને સૂર્યની સંનિધિમાં જ કરવાનો આગ્રહ રાખવામાં આવે તો પણ, એક બીજી વાતને ખાસ લક્ષમાં લેવાની છે. આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ સૂર્યનો કાયમ માટે કદી અસ્ત નથી થતો. સૂર્ય એક તરફથી અસ્ત થતો દેખાય અને દેખાતો બંધ થાય તો પણ અવનીના અન્ય ભાગમાં તો રહે જ છે. સૂર્ય જગતનો આત્મા છે. એના વિના જગત જીવી શકે જ નહિ. એ પ્રકટ અથવા અપ્રકટ, પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે પણ રહેવો જ જોઇએ. એના પ્રકાશવાથી પૃથ્વીના પદાર્થો પ્રકાશે છે. એટલે સૂર્યનું અસ્તિત્વ રાતે પણ હોય છે અને એનો આપણી અને સૃષ્ટિ સાથેનો સંબંધ અખંડ રહે છે.

મહર્ષિ વ્યાસે બ્રહ્મસૂત્ર ગ્રન્થરત્નમાં એની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે સૂર્યનો સંબંધ સનાતન તથા બે પ્રકારનો હોય છે. સૂર્યનો સંબંધ એના કિરણો દ્વારા આપણા સ્થૂળ શરીર સાથે થાય છે અને એની સાથે સાથે એ કિરણો પ્રત્યાવર્તન પામે છે એટલે એમની મારફત આપણા શરીરનો અને આપણી નાડી સમૂહનો સંબંધ સૂર્ય સાથે સચવાય છે. સૂર્ય સાથેનો એવો દ્વિવિધ સંબંધ દિવસે ને રાતે સૂર્ય દેખાય નહિ અને અન્ય પ્રદેશમાં પ્રવેશે ત્યારે



પણ ચાલુ રહે છે. બ્રહ્મસૂત્રની એ વિચારસરણી પ્રાચીન હોવા છતાં વિજ્ઞાનની આધુનિક વિચારસરણી સાથે મેળ ખાય છે. એ વિચારસરણીને અનુભવના અચળ આધાર પર વરસો પહેલાં વહેતી કરવામાં આવી છે. એ આશ્ચર્યકારક છે.

**सूर्यः आत्मा जगतुस्तस्युषश्च।** વેદે સૂર્યને જગતનો આત્મા કહ્યો છે. એ આત્મા અને એનો સૂક્ષ્મ સંબંધ રાતે પણ ચાલુ રહે છે. એટલે સૂર્યનો સંબંધ રાતે નથી રહેતો એવું માનવું ભૂલ ભરેલું છે. એટલે ગાયત્રીમંત્રને રાત્રિના શાંત સમય દરમિયાન પણ જપવામાં કશી હરકત નથી.

મેં મારા જીવનમાં કેટલાંક એવા ગાયત્રીના ઉપાસકોને જોયા છે જે રાતે અથવા મધરાતે શરૂ કરીને વહેલી સવાર સુધી એ મંગળ મહામંત્રના જપ કરે છે. એવી પ્રથા અથવા સાધના પદ્ધતિ એમના આત્મિક અભ્યુત્થાનમાં લેશ પણ અંતરાય રૂપ નથી થતી. બીજાને માટે પણ નહિ થાય.

ગાયત્રીમંત્ર અમોઘ અસાધારણ શક્તિથી સંપન્ન છે. મંત્ર-રાજ છે. એનો આશ્રય લેવાથી સાધક સર્વૈશ્વર્યથી, શાંતિથી, સિદ્ધિથી સંપન્ન બને છે. સાધકમાંથી સિદ્ધ થાય છે, પૂર્ણ તથા મુક્ત પદે પહોંચે છે. નરમાંથી નારાયણ થાય છે. એનો જેટલો પણ આશ્રય લેવામાં આવે એટલો ઓછો છે.

ગાયત્રીમંત્ર સ્ત્રીઓથી જપી શકાય? સ્ત્રી, પુરુષ, આબાલવૃદ્ધ સૌ કોઇથી જપી શકાય. જે પણ જપવા માગે તે બધા જ એને જપી શકે. તે સર્વને માટે મદદરૂપ, મહાસુખપ્રદાયક, કલ્યાણકારક છે. એની અંદર એવું કશું જ નથી કે જેથી એના જપથી કોઇને વંચિત રાખી શકાય. એ મંત્રજપનો સારભાગ સૌ કોઇને માટે શ્રેયસ્કર છે.

# મારા ગુરુદેવ (૧૦)

નારાયણ હ. જાની

મહાત્મા શ્રી યોગેશ્વરજી અને શ્રી ચંપકભાઇ દશરથાચલ પર્વત ઉપર સાથે એક મહિનો રહેલા. ત્યારે માગસર માસ ચાલતો હતો. તે વખતે હાડ ગાળી નાંખે તેવી ઠંડી હતી છતાં પૂ. મહાત્માજી માત્ર કૌપીન (લંગોટી) પહેરીને રહેતા. જ્યારે શ્રી ચંપકભાઇ શ્રી ચક્રધરજીએ આપેલ ગરમ લાંબો ઓવરકોટ શરીરે આખો વખત પહેરી રાખતા ને સૂર્યાસ્ત થતાં તાપણું કરી તેની નજીક બેસી રહેતા. તેઓ કદીક ખીચડી કે ભાખરી બનાવતા. પરંતુ ઘી કે તેલ તેમની પાસે ન હતું. દાળ જૂની હોવાને લીધે કે પર્વત પરની ઊંચાઇને લીધે ચડતી નહિ, તેથી જેવી થાય તેવી એકલી ખીચડી શરીર ટકાવવા માટે ખાઇ લેતા. જો કે ઠંડીને લીધે ભૂખ ઘણી લાગતી. એટલે કંઇક તો ખાવું પડેને!

ખાવાની સામગ્રીમાં એક પહાડી છોકરો અઠવાડિયે એકવાર દેવપ્રયાગથી લોટ અને ચોખા–દાળ તથા મીઠું પહોંચાડી જતો.

દશરથાચલ પર બીજી મોટી મુશ્કેલી પાણીની હતી. તે છેક નીચે તળેટીમાંથી લાવવું પડતું. તે વખતે ત્યાં અતિ પાતળો ઝરણાનો રેલો વહેતો. ત્યાં ઝીણી ધારે પાણી પડતું. તેની નીચે એક ડબો મૂકી રાખતા. તે કેટલાક કલાકો પછી ભરાઇ રહેતો. દિવસમાં એકવાર કે કોઇ વખત બે દિવસે એકવાર એક પહાડી છોકરો તે તેઓને પહોંચાડી જતો. આમ પાણીની ભારે મુશ્કેલી વચ્ચે એક મહિનો તેઓએ શી રીતે વીતાવ્યો હશે, તેની કલ્પના



કરવી પણ કઠિન છે. ત્યાં કેવળ પવન કે સૂર્યસ્નાન જ શક્ય હતું. આવી બધી ભારે પ્રતિકૂળતાઓ છતાં કેવળ પ્રભુપ્રાપ્તિની અતિ તીવ્ર લગનીને લઇને જ પૂ. મહાત્માજી ત્યાં રહ્યા અને નિર્વિકલ્પ સમાધિનો અમૂલ્ય અનુભવ પ્રાપ્ત કર્યો, જેનું સવિસ્તર વર્ણન અમે આ અગાઉ કરી ગયા છીએ. (મે, ૯૦ ના અધ્યાત્મના અંકમાં).

દશરથાચલ ઉપર પૂ. શ્રી યોગેશ્વરજીને જે બીજા આધ્યાત્મિક અનુભવો થયા તેની વાતો પણ શ્રી ચંપકભાઇ પત્રદ્વારા અમને જણાવતા. એમાં ઉલ્લેખનીય બેત્રણ વાતો હતી.

દશરથાચલ પર બે ઓરડા હતા. તેમાં એકમાં પૂ. મહાત્માજી બેસતા, ઉઠતા ને ધ્યાન જપ કરતા, જ્યારે બીજા ઓરડામાં શ્રી ચંપકભાઇ રહેતા અને રસોઇ આદિ કામ સંભાળતા. જે ઓરડામાં પૂ. મહાત્માજી રહેતા તે ઓરડો વ્યવસ્થિત દરવાજાવાળો હતો. એટલે તેમાં રાખેલી વસ્તુઓ આઘીપાછી થવાનો પ્રશ્ન ન ઊભો થતો. વળી આ પર્વત ઉપર તેમના બે સિવાય કોઇ સ્થાયી વસ્તી જ ન હતી. વળી ભર શિયાળો, એટલે આવી ઠંડીમાં ઢોર ચરાવનારાઓ પણ ન આવતા. આમ છતાં એક અજબ જેવી ઘટના બની ગઇ! પૂ. શ્રીની જપ કરવાની માળા આસન ઉપરથી ગુમ થઇ ગઇ! બાકીની બધી વસ્તુઓ ત્યાં એમ જ પડેલી—ને એક માળા જ નહિ! ઘણી ગોતી પણ મળી જ નહિ. એ એક ચમત્કાર જેવું જ લાગ્યું. સાધનામાં જે વસ્તુથી ટેવાયેલા હોઇએ એની ઉણપ સાલે; કારણ મન અને આંગળીઓ એનાથી ટેવાઇ ગયેલાં. પરંતુ ઘણી શોધ છતાં તે ન જ મળી, એટલે તેઓએ સમાધાન કરી લીધું કે પ્રભુની ઇચ્છા હું ગણત્રી સાથેના જપ કરું તેવી નથી. એટલે સમય પ્રમાણે ગણત્રી વગર જપ કરવાના ચાલુ

કર્યાં. એકાદ દિવસ માળાની ઉણપ લાગી, પરંતુ તે પછી મન એના વગર ટેવાઇ ગયું. એનાથી ઉલટું એવું લાગ્યું કે પ્રભુના માર્ગે આવા બાહ્યસાધનનું અવલંબન પણ જરૂરી નથી. જો કે જીવનનાં પાછલાં વર્ષોમાં પૂ. શ્રી માળા રાખતા, પરંતુ ઘણાં બધાં વર્ષો માળા વગર જ જપ કરવામાં તેઓએ વીતાવ્યાં.

પૂ. મહાત્માજીના જીવનમાં બે પ્રકારના આધ્યાત્મિક પ્રવાહો જોવા મળતા. એક જ્ઞાનનો અને બીજો ભક્તિનો. કોઇને એમ લાગે કે આ બે ભિન્ન ભિન્ન પ્રકૃતિના માણસોમાં સંભવી શકે, એક વ્યક્તિમાં આ બે ભાવો શી રીતે સંભવી શકે? એ વાત સાચી; પરંતુ પૂ. મહાત્માજીના જીવનની આ વિશેષતા ગણો તો વિશેષતા કે એક અપવાદરૂપ પ્રકૃતિની ભેટ ગણો તો ભેટ–એ અસ્તિત્વ ધરાવતી; એ હકીકત હતી. તેઓમાં જ્ઞાન અને ભક્તિનો અદ્‌ભુત સમન્વય જણાતો. પૂ. મહાત્માજી પહેલેથી પ્રભુને પ્રાર્થના નિયમિત કરતા. તેઓનાં ઉપાસ્ય મા જગદંબા બન્યાં તે પહેલાં પણ તેઓ પ્રભુના સર્વ સ્વરૂપોમાં શ્રદ્ધાભક્તિ ધરાવતા. ખાસ કરી ભગવાન રામ અને કૃષ્ણ તેમ જ ભગવાન શંકર. તેઓ એકાંતમાં ખૂબ ઉત્કટભાવે પ્રાર્થના કરતા ને તેઓનું સારું હૃદય તેમાં ઠાલવી દેતા. તેઓને તે સમયે જોનારને તેઓની કરુણ હાલત જોઇ આશ્ચર્ય થાય એવું હતું! ભગવાનના સાકાર સ્વરૂપના દર્શનની ઇચ્છા તેઓના દિલમાં ઉઠયા કરતી; અને એક દિવસ અણધારી રીતે કેવી રીતે પૂરી થઇ, તે તેઓના શબ્દોમાં જ જોઇએઃ–

"સવારે ધ્યાન ને પ્રાર્થના કરતાં કરતાં અચાનક મારું શરીર-ભાન ભુલાઇ ગયું. શરીર નિશ્ચેષ્ટ બની ગયું. તે દશામાં મને જે અલૌકિક અનુભવ થયો. તે ભગવાન રામના દર્શનનો હતો. ભગવાન રામનું સ્વરૂપ ખૂબ જ સુંદર હતું. એવું સુંદર સ્વરૂપ



સંસારમાં જોવા મળતું નથી. તે ઊભા હતા. તેમણે પીતાંબર પહેરેલું. ગળામાં માળા અને માથે મુકુટ ધારણ કરવાથી તેમની શોભામાં વધારો થયેલો. તે મારી તરફ જોઇ રહેલા. તેમની દૃષ્ટિની મધુરતાનું વર્ણન મારા જેવો સાધારણ માણસ શી રીતે કરી શકે? લગભગ પાંચેક મિનિટ એ દર્શનનો અનુભવ ચાલુ રહ્યો. પછી મને ભાન આવ્યું. હું ધ્યાનમાંથી જાગ્રત્ થયો. આ દર્શનના પરિણામે મારા મનમાં ઊંડી શાન્તિ વ્યાપી ગઇ અને અંતરમાં આનંદનો અર્ણવ ઉછાળા મારી રહ્યો."

"ભગવાન રામના દર્શનની મને ખાસ લગની ન હતી. તે માટે મેં કોઇ ખાસ પરિશ્રમ પણ નહોતો કર્યો. છતાં પ્રભુએ મારી સાકારદર્શનની ભાવનાને સંતોષવા એવી રીતે કૃપા કરી."

ભગવાન રામના દર્શન પછીની બીજી જ એવા દિવ્યદર્શનની અનુભૂતિ ભગવાન શંકરના સ્વરૂપની હતી; કારણ કે તેઓ વડોદરાથી હિમાલય ગયા ત્યારે ભગવાન શંકરનો એક ફોટો લઇ ગયેલા. તે ફોટામાં કૌપીનધારી ભગવાન શંકરનું પદ્માસન વાળેલું સ્વરૂપ ખૂબ સુંદર લાગતું. વળી તેઓના મુખ પરનું સ્મિત તો અતિ મોહક હતું. આ ફોટો સામે રાખીને તેઓ ભગવાન શંકરને ઉત્કટ ભાવે અંતરના અંતરતમમાંથી પ્રાર્થના કરવા માંડયા. શ્રી ચંપકભાઇએ શ્રી યોગેશ્વરજીની તે વખતની સ્થિતિનું વર્ણન કંઇક આવા શબ્દોમાં કરેલું.

સવારથી જ ઓરડી બંધ કરીને તેઓ પ્રાર્થના કરવા મંડી ગયા. આ પ્રાર્થના એટલા બધા ઉત્કટ ભાવથી થતી કે જ્યારે ભોજનની થાળી હું તેઓના ઓરડામાં મૂકવા ગયો તો તેઓની આંખમાંથી પ્રેમઅશ્રુ ટપકતાં જોયાં. મારા આગ્રહને વશ થઇ તેઓએ ભોજન તો કર્યું, પરંતુ તે પછી પાછાં પ્રાર્થના ચાલુ કરી.

સમયના વીતવા સાથે એની ઉત્કટતા પણ વધતી ચાલી ને તેનું શું પરિણામ આવ્યું તેની વાત શ્રી યોગેશ્વરજીએ છેક સાંજે બારણું ખોલ્યું ત્યારે જણાવી. તેઓએ કહ્યું, "સમયના પસાર થવા સાથે દર્શન માટેની મારી અધિરાઇ પણ વધતી ચાલી. બપોરે ત્રણેક વાગે મારા મનમાં જરા નિરાશા થવા લાગી. ત્યારે પ્રાર્થના કરતાં કરતાં મારું શરીરભાન ભૂલાઇ ગયું ને તે દશામાં મને ભગવાન શંકરનું ફોટાવાળું સ્વરૂપ દેખાયું. તે પછી થોડો વખત રહી પછી મને ભાન આવ્યું. એ અનુભવથી મને આનંદ જરૂર થયો ને શાન્તિ મળી પરંતુ દર્શનની દૃષ્ટિથી તે બહુ ઉત્તમકોટિનો અનુભવ ના કહી શકાય. ભગવાન શંકરે મને કામચલાઉ સંતોષ આપ્યો એટલું જ."

પોતાના આ અનુભવ તેમ જ તે પછી ધ્યાનમાં અનેકવાર થયેલા ભગવાન શંકરના દર્શન અંગેની વાત કરતાં તેઓ કહેતા કે જ્યારે જ્યારે મારી સામે ધ્યાનાદિમાં તેઓ પ્રકટ થયા છે, ત્યારે સુંદર સ્વરૂપે જ પ્રકટ થયા છે. તેઓનું શરીર કરોડો કામદેવ કરતાં પણ સુંદર અને ગૌર દેખાયું છે. વળી તેઓને રેશમ જેવાં સુંદર મુલાયમ વસ્ત્રોથી વીંટાયેલા જ જોયા છે. તેમની વાણીની મધુરતાનું તો કહેવું જ શું?

ભગવાનનાં સગુણ સ્વરૂપોના પોતાના અનુભવના આધારે તેઓ ખાત્રીપૂર્વક કહેતા કે આજના યુગમાં પણ જેઓ શ્રદ્ધા-ભક્તિપૂર્વક તેઓનું શરણ લઇ, તેઓનાં ચરણોમાં મનને જોડી દે, તો તેને પ્રભુના દર્શન અવશ્ય થાય છે. યુગ ભલે બદલાયો પરંતુ દુનિયાનાં આધ્યાત્મિક મૂલ્યો બદલાયાં નથી. કોઇપણ તેનો અનુભવ કરી શકે છે. (ક્રમશઃ)



# સદ્‌ભાવભરી સહાય (ચાલુ)

૫૧ શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટર, વડોદરા.
૧૫ શ્રી અરવિંદ ખીમચંદ જોબનપુત્રા.
૧૦૦ શ્રી હિમાંશુ પાઠક, સુરત.
૨૧ શ્રી પિયૂષભાઇ રાવલ, રાજકોટ—સ્વ. કાન્તાબેન ઉમિયાશંકર રાવલના સ્મરણાર્થે.
૫૧ શ્રી કુસુમબેન રમેશભાઇ દેસાઇ, વડોદરા.
૧૦ શ્રી ધીરજભાઇ ના. શાહ, મુંબઇ.
૧૧ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી.
૧૦૧ શ્રી ચંપાબેન આર. જોષી, પાલનપુર.
૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી—નામજપ અનુષ્ઠાન પૂર્ણ થતાં.
૧૧ શ્રી ધીરજ ડી. ત્રિવેદી, મોરબી.
૨૧ શ્રી રાજકોટનાં એક બહેન તરફથી.
૧૦૧ શ્રી સુખલાલ રણછોડજી પૂજારા, મોરબી—નવચંડી વિઘ્નવગર પૂરી થતાં.
૧૦૧ સુખલાલ રણછોડજી પૂજારા, મોરબી—ગાડીનું વેચાણ સારી રીતે થઇ જતાં.

## * વિભુવરને વંદન *

(ભજન–ગાન)

જલમાં તું છે, સ્થળમાં તું છે,
ફૂલમાં તું છે, ફૂલમાં તું છે,
વનમાં તું, ઉપવનમાં તું છે–
વિભુવર, વંદન કરું કરું,
તુજને ઉરથી નમું નમું.

જનમાં તું છે, ધનમાં તું છે,
પર્ણે તું છે, તરણે તું છે,
તનમાં તું, પવનમાં તું છે–
વિભુવર, વંદન કરું કરું,
તુજને ઉરથી નમું નમું.

ઘાસમાં તું છે, ચારામાં તું છે,
કણમાં તું છે, મનમાં તું છે,
ભોમમાં તું ને સોમમાં તું છે–
વિભુવર, વંદન કરું કરું,
તુજને ઉરથી નમું નમું.

ઘરમાં તું છે, દરમાં તું છે,
આંખમાં તું છે, પાંખમાં તું છે,
ગિરિમાં તું, ગહવરમાં તું છે–
વિભુવર, વંદન કરું કરું,
તુજને ઉરથી નમું નમું.

મધુરમ્



## * નિર્મળ નિર્મળ થઈએ *

(ગઝલ)

ચાલ નદીમાં સ્નાન કરીને નિર્મળ નિર્મળ થઈએ,
ગંગાજળનું પાન કરીને નિર્મળ નિર્મળ થઈએ.

નથી વિચાર્યું કાંઈ દંભની, દીવાલી ઊભી કરતાં,
જાગ્યા ત્યાંથી, ફરી ગણીને નિર્મળ નિર્મળ થઈએ.

અંધારાનું કોમળ કોમળ, મલમલ લીધું માણી,
સુરાત્રનો સંગાથ લઈને નિર્મળ નિર્મળ થઈએ.

કાગળનો છે પહાડ પ્હોચવું એની ઉપર કેમ?
ભ્રમણાઓ ભંડારી દઈને નિર્મળ નિર્મળ થઈએ.

સૂર્ય સવારે મઘમઘતો વિરામ લઈને પ્રગટે,
'સફર' ભીતરમાં તેજ ભરીને નિર્મળ નિર્મળ થઈએ.

## * મુક્તક *

'ગ્રંથ ગીતાનો ઘેર ઘેર 'ને
પાર્થ – જનાર્દન ક્યાંય નથી,
ધોબી લત્તે લત્તે છે, પણ
રામનાં દર્શન ક્યાંય નથી.'

— બળવંત ઓઝા ('સફર')

# * આજ ક્યમ? *

આજ ક્યમ આ જગત સુન્દર લાગતું?
વિશ્વનું સંગીત મધુરું વાગતું... આજ ક્યમ?

આ ક્ષિતિજ—સાગરનું મિલન,
આ ધરતી પર ઝૂક્યું ગગન,
આ રસા—લક્ષ્મી—લચેલ કાનન :
મન મારું અગમ વિશ્વથી જાગતું!
આજ ક્યમ આ જગત સુંદર લાગતું?

આ સરિત—સાગરના મિલનની માધુરી!
પુષ્પ—પરિમલને મધુકર—યુતિ પૂરી,
આ ગગનમંડળનું કદમ્બ રહ્યું ઝરી!
મન મારું અભિનવું આલાપતું!
આજ ક્યમ આ જગત સુંદર લાગતું?

સુષમા આ વિશ્વની નૈસર્ગિકી?
કે નયન—બલિહારી ગણવી? જે થકી
અનુભૂતિ અદ્વૈતની પાકી નકી :
વિશ્વના સ્વામીથી કામણ સૌ થતું.
આજ ક્યમ આ જગત સુંદર લાગતું?
વિશ્વનું સંગીત મધુરું વાગતું... આજ ક્યમ?

ડૉ. રણજિત પટેલ (અનામી)



# ઈશ્વરનું સ્વરૂપ અને સાક્ષાત્કાર

મૂળ લેખક : કે. વિ. બેલસરે
અનુવાદક : યોગેન્દ્ર પરીખ

**નોંધ :** અહીં આ લેખમાળા શરૂ થાય છે તે આધ્યાત્મિક સાધના ક્ષેત્રે જાતે પ્રયોગ કરેલ મહાનુભવ શ્રી કે. વિ. બેલસરેના અનુભવના નીચોડરૂપ છે. તેઓએ ચાલીસ વર્ષો સુધી એકધારી નામસ્મરણની સાધના કર્યા પછી જે અનુભવ્યું તે આલેખ્યું છે. તેઓનું મૂળ લખાણ મરાઠીભાષામાં છે, તેનો અનુવાદ મુલ્યનિષ્ઠા ધરાવતા એક સારા ગાંધીવાદી રચનાત્મક કાર્યકર શ્રી યોગેન્દ્રભાઇ પરીખે કર્યો છે. જેઓ પોતે મુ. શ્રી બેલસરે સાહેબને અંગત રીતે ઓળખે છે. —તંત્રી

ઈશ્વરનું સ્વરૂપ અને તેનાં સાક્ષાત્કાર અંગેનું વર્ણન કરનારાં આ એક લઘુનિબંધ છે. આપણને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય એટલે જ ઈશ્વરનું દર્શન થાય—તેને માટે ગુરુદીક્ષા સાધન ચાલુ હોય છે. એ સાધનોમાં મને એક મુશ્કેલી ઊભી થઇ. એ મુશ્કેલી દૂર કરવાનો ઉપાય શોધી કાઢવામાં આ નિબંધનો ઉદ્‌ભવ થયો. મુશ્કેલી એ હતી કે—એક તરફ નામસ્મરણ ચાલુ રહે. પરંતુ તેની સાથે જ બીજી તરફ જૂની સ્મૃતિઓ, અસંબંધ કલ્પના, ક્ષુલ્લક ક્ષુદ્ર વિચાર, વાસના અને ન જોઇતા વિચારોનો મિશ્ર પ્રવાહ પણ ચાલુ રહેતો. તેથી સાધનામાં તન્મયતા નિર્માણ થતી ન હતી. એ નિર્માણ થાય એટલા માટે મારી સાધનાને મેં ઈશ્વરસ્વરૂપ અને ઈશ્વરદર્શનના ચિંતનનો સંગાથ આપ્યો. ઈશ્વરનું ચિંતન કરવા માટે ઈશ્વરની સંકલ્પના હોવી જ જોઈએ. ઈશ્વરની યથાર્થ કલ્પના

બે જણા પાસે હોય છે. એક ઈશ્વરનો સાક્ષાત્કાર પામેલા એટલે કે ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન થયું હોય એવા આત્મજ્ઞાની સંત અને બીજા ઈશ્વરનું અસ્તિત્વ માનનારા આત્મવાદી તત્ત્વચિંતક સંત પોતાનું જીવન ઈશ્વરાર્પણ કરે છે. પોતાનું અંતઃકરણ તેઓ ઈશ્વરના ચિંતનથી છલોછલ ભરી દે છે. અંતે તેઓ માનવીમનની કક્ષા ઓળંગી જાય છે. એમના મનનું ઉન્મન થાય છે. ઉન્મન થયેલા સંતો અંતે જ્ઞાનસ્વરૂપ અનંત ઈશ્વરની સાથે સમરસ થઇ જાય છે. ઈશ્વરવાદી તત્ત્વચિંતક શુદ્ધ અને સરળ તર્કની ભૂમિકા સ્વીકારે છે. આ તર્કની મદદથી તેઓ ઈશ્વરનું અસ્તિત્વ, તેનું સ્વરૂપ અને તેના જગ અને જીવ સાથેના સંબંધની સર્વાંગી ચર્ચા કરે છે. પણ એ ચર્ચા કર્યા પછી એમના વિચાર ત્યાં જ વિરમી જાય છે. તત્ત્વજ્ઞાનના ઈતિહાસના અભ્યાસ કરતાં એક વાત નજરમાં વસી ગઇ. તે એક પ્રાચીન તથા અર્વાચીન અને ભારતીય તથા યુરો-અમેરિકન તત્ત્વચિંતકોમાંના ઘણા પ્રથમ પંડિતના ચિંતકો ઈશ્વર અંગે મૌલિક વિચાર પ્રગટ કરે છે. એનું કારણ કહેવું મુશ્કેલ નથી. પ્રાચીન કાળથી હજુ ગઇ કાલ પરમ દિવસ સુધી કેટલાંક ચિરંતન મૂલ્યો માણસને સતત પ્રેરણા આવતાં આવ્યાં છે. મનનું સમાધાન એટલે જ પરમશાંતિ અથવા આત્મશાંતિ એ એમાંનું એક પ્રધાન મૂલ્ય છે. આ સમાધાન ઈશ્વરદર્શનનું તત્કાળ મળનારું ફળ છે. તેથી એકાદ આત્મવાદી તત્ત્વચિંતક જ્યારે ચિરંતન મૂલ્યોની મીમાંસા કરે છે ત્યારે તે મીમાંસામાં જાણ્યે અજાણ્યે સર્વ મંગલ મૂલ્યોના નિધાન સમો ઈશ્વર પ્રવેશ કરે છે.

ઈશ્વરદર્શનની સાધનાની—વિશેષતા નામસાધનાની—મજા એ છે કે આપણે નામ લઇએ છીએ ત્યારે ઘણીય વાર આપણને ઈશ્વરનું વિશ્મરણ થાય છે. આ વિસ્મરણ ન થાય એટલા માટે



ઈશ્વર સંબંધી મીમાંસા એટલે તર્કશુદ્ધ પૂજિત વિચાર ઘણો ઉપયોગી થાય છે. ઈશ્વર અંગેની યથાર્થ કલ્પના સાથે ચાલનારો વિચાર ખૂબ સૂક્ષ્મ, વ્યાપક અને રમણીય હોય છે. નામની સાથે જો એ વિચાર અંતરમાં સ્થિર થાય તો જીવને ઈશ્વરનાં સાન્નિધ્યનો અનુભવ થાય છે. ઈશ્વરના સાન્નિધ્યથી જગતને ચલાવનારી ઈશ્વરની શક્તિનો અનુભવ થાય છે. આ અનુભવ-માંથી ઈશ્વરના કર્તાપણાનો ભાવ મનમાં પચે છે. ઈશ્વરના કર્તા-પણાનું ભાન થાય કે અનંતનું દૃશ્ય કેડે ડોકું મૂકે છે. જીવે અનુભવેલો અનંતનો એ સ્પર્શ તર્કને થોડા સમય માટે પણ શાંત અને સ્વસ્થ બેસાડે છે. નામ લેતી વખતે અંતરમાં મળેલી ઈશ્વર-ની આ વિચારરૂપ સંગતિ જીવને ઉચ્ચસ્તર પર લઇ જાય છે. તેથી માણસનું (સાધકનું) મન ક્ષુદ્ર સંસારિક સ્વાર્થનું ખાબોચિયું ઓળંગે છે અને ઈશ્વર માટેની ઈચ્છાના નિર્મળ સરોવરમાં રમવા માંડે છે.

મારી સાધનાને ઈશ્વરના વિચારની સંગતિ આપવાનું મને મુશ્કેલ ન લાગ્યું. મારો ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ આને માટે જ મને કામમાં આવ્યો. પણ ઈશ્વરચિંતન માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ આવશ્યક છે એવું જરાય નથી. ઉલટું મોટા મોટા તત્ત્વચિંતકોના ક્લિષ્ટ ગ્રંથો વાંચવાને બદલે આત્મ-સાક્ષાત્કારી સંતોના ગ્રંથોનો અભ્યાસ સાધકને માટે વધુ ઉપકારક નીવડે છે એવો મારો અનુભવ છે. શ્રી જ્ઞાનદેવ, શ્રી એકનાથ અથવા શ્રી સમર્થ આત્મસાક્ષાત્કારી તો હતા જ, પણ તેઓ સ્વતંત્ર પ્રજ્ઞાવાળા તત્ત્વચિંતકો ય હતા. આ નિબંધના લેખનથી મારા ઈશ્વરચિંતનને કથનનું રૂપ મળ્યું. કથનને લીધે મારી ઈશ્વર-

સંકલ્પના અધિક સૂક્ષ્મ, સ્વચ્છ, વ્યાપક અને યથાર્થ બની પોતાના નામસ્મરણને "ઈશ્વર કર્તા છે" આ ધારણાની આપીએ તો નામ-માં ખૂબ રસ પડવા માંડે છે. રસભર્યા નામથી સાધકનું મન દ્રુત ગતિએ ભેગું થાય છે. આવા ભેગા થયેલા મનને સમાધિ સાધવી સહેલી પડે છે. આખરે હૃદયમાં વસનારા ઈશ્વર સાથે સમરસ થવાની યોગ્યતા આ મનને પ્રાપ્ત થાય છે. પછી ઈશ્વરદર્શનની આડે આવનારા બધા અવરોધો દૂર થવાથી માણસ- ને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. તે દિવ્યજીવન જીવે છે.

વાચકોની સગવડ ખાતર પ્રસ્તુત નિબંધના પાંચ વિભાગ કર્યા છે. પહેલો વિભાગ–માણસ મનથી ઈશ્વરનું સ્વરૂપ જાણી લે છે અને મનથી જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી લે છે. એ મનના દોષોનું વર્ણન આ વિભાગમાં કરેલું જણાશે. દોષમુક્ત મનને ઈશ્વરદર્શન થાય છે. આપણું મન દોષમુક્ત કરવું એટલે શું કરવું તેની કલ્પના આ વિભાગ પરથી આવશે. બીજો વિભાગ–ઈશ્વરની યથાર્થ સંકલ્પના વધુ સ્પષ્ટ થાય એટલા માટે આ વિભાગમાં મુખ્ય ભારતીય અને અભારતીય નિરીશ્વરવાદીઓના મત ટૂંકાણમાં આપ્યા છે. તદુપરાંત ઈશ્વરને આપેલા પડકારનો વિચાર પણ કર્યો છે. ત્રીજો વિભાગ–આ વિભાગમાં પ્રથમ ઈશ્વરની સંકલ્પના સ્પષ્ટ કરેલી જણાશે. ત્યારબાદ જગતના તત્ત્વચિંતકોએ ઈશ્વરના અસ્તિત્વ માટે આપેલાં પ્રમાણોને દર્શાવ્યા છે. અંતે સંતોએ સ્વાનુભવે કહેલાં પ્રમાણો આપ્યાં છે. ચોથો વિભાગ–આ વિભાગ-માં ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ છે એમ સમજાવીને કહ્યું છે. પછી તે જેવો નિર્ગુણ છે તેવો સગુણ પણ છે એમ બતાવીને એના દિવ્ય ગુણોનું વર્ણન કર્યું છે. પાંચમો વિભાગ–આ મહત્ત્વના



વિભાગમાં ઈશ્વરનો સાક્ષાત્કાર એટલે શું અને તેનું પરિણામ માણસ પર શું આવે છે એનું વર્ણન કર્યું છે. ઈશ્વરદર્શન એ સંપૂર્ણ વ્યક્તિત્વને વ્યાપી લેનારો એક દિવ્ય અનુભવ છે. આ અનુભવને સમાધિ કહેવાય છે. અર્થાત્ જે માણસને ઈશ્વરદર્શન થાય છે તેનું શરીર, પ્રાણ અને અંતઃકરણ સમાધિસંપન્ન બને છે. તેથી શરીર, પ્રાણ, મન, કલ્પના, સ્મૃતિ અને વિચાર એ સર્વને સમાધિઅવસ્થા કેવી રીતે પ્રાપ્ત કરાવી શકાય તેનું વર્ણન કર્યું છે. સાચી વાત એ છે કે આજનું સદોષ મન નિર્દોષ થાય એટલે તે ઈશ્વર સાથે તાદાત્મ્ય પામે છે. પછી જીવ સહજ રીતે ઈશ્વરના સ્થાનમાં લીન થાય છે. જે જે મળે તેના પર અત્યંત નિઃસ્વાર્થી પ્રેમ કર્યા વિના એના જીવને જંપ વળતો નથી. સર્વને પ્રેમ કરનારો આ પુરુષ એટલે દુઃખ અને ક્લેશથી ત્રાસેલા જગતને ઈશ્વરની ભેટ જ છે. (ક્રમશઃ)

*** અધ્યાત્મના ગ્રાહકોને વિશેષ સૂચના ***

હવે પછી "અધ્યાત્મ" જે દર મહિનાની ૧૦ તારીખે બહાર પડતું હતું તે હવેથી દર મહિનાની ૧૭ તારીખે બહાર પડશે તેની નોંધ લેવા વિનતી — તંત્રી

# શ્રી મુગટરામ મહારાજ

પંડિત જગન્નાથ પ્રભાશંકર

ગીતાજીમાં શ્રી કૃષ્ણચંદ્રએ અર્જુનને કહ્યા પ્રમાણે અધર્મનો નાશ કરી ધર્મનું સંસ્થાપન કરવા તથા દુષ્ટ મનુષ્યોનો વિનાશ કરી સાધુપુરુષોનું પરિત્રાણ કરીને તેમને સુખ ઉપજાવવા માટે જેમ ભગવાન અવતાર ધારણ કરે છે તેમ પ્રજા જ્યારે કોઈ એક બાબતની પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે પણ ઈશ્વરના અવતારો થાય છે.

જ્યારે અરબસ્તાનમાં મૂર્તિપૂજાની પરાકાષ્ટા પહોંચી અને લોકો મૂર્તિપૂજાને નામે ઘણો અનર્થ અને અધર્મ કરવા લાગ્યા ત્યારે મહમદ પેગંબરનો અવતાર થયો.

જ્યારે યજ્ઞયાગાદિકમાં પશુઓનો જ માત્ર વધ થવા માંડયો અને યજ્ઞયાગાદિનો આશય યજ્ઞ કરનાર પ્રજાના હૃદયમાંથી લોપ પામ્યો અને આ બહાને ઘણો અનર્થ થવા લાગ્યો ત્યારે ભગવાન બુદ્ધનો અવતાર થયો, અને પ્રાણીમાત્ર ઉપર દયા રાખવાનો તેમણે ઉપદેશ કર્યો.

આ બૌદ્ધધર્મના સિદ્ધાંતનો પ્રચાર પણ જ્યારે પરાકાષ્ટાએ પહોંચ્યો અને પ્રજા નાસ્તિક થઈ અનીશ્વરવાદી થઈ જવા લાગી તથા જ્યારે કર્મવાદની જ દેશમાં પ્રધાનતા મનાવા લાગી અને લોકો ઉપાસના અને જ્ઞાનને ભૂલીને કર્મઠ થઈ ગયા તે વખતે ભગવાન શંકરાચાર્યનો અવતાર થયો, અને તેમણે ઉપાસના અને જ્ઞાનનું રહસ્ય પ્રજાને સમજાવ્યું.



તે જ રીતે જ્યારે આચાર્યો અને ધર્મગુરુઓ પોતપોતાના વાડા બાંધી પોતાનો પંથ ચલાવવાની ખટપટમાં પડી ગયા હતા, બીજાનાં ધર્મની ઉપેક્ષા કરી પોતાનો જ ધર્મ સારો અને સાચો સાબિત કરવાને તથા પોતાના ધર્મની કંઠીઓ બાંધવાને અથવા દીક્ષા આપવાને પ્રયત્ન કરી રહ્યા હતા, જ્યારે આ લોકો પોતાનામાં ખરેખર કાંઈ પણ સાચા જ્ઞાન સામર્થ્યનો અંશ ન છતાં પોતાને ઈશ્વર, ઈશ્વરના અવતાર, યોગી, સિદ્ધ કે એવા જ મનાવવાને અનેક પ્રયાસો કરી રહ્યા હતા, જે વખતે આવાં ધર્માચાર્યો, ધર્મ-ગુરુઓ શાસ્ત્ર, નીતિ, ન્યાય તથા ધર્મની વિરુદ્ધ પોતાના મનસ્વી વર્તનને, પોતે ઈશ્વરના અવતાર છે, એ પ્રમાણે પ્રજાને ભરમાવી પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધી રહ્યા હતા, પૈસો અને કીર્તિને માટે જ પોતે પ્રયત્નો કરતા, આત્મકલ્યાણ શું છે તે જાણ્યું પણ નથી તો તેને સાધ્યું તો ક્યાંથી હોય અને છતાં જગતનું કલ્યાણ કરવાને નામે જગતને ભાષણો અને લેખો દ્વારા બોધ દઈ રહ્યા હતા.

જગતનું કલ્યાણ કરવાને જે સાચું અનુભવજન્ય જ્ઞાન, સાચું સામર્થ્ય, સાચો વિરાગ તેમ જ સાચા શુદ્ધ પ્રેમ વગેરેની જરૂર છે તેનો કેવળ જેમનામાં અભાવ છે તેવા લોકો જ્યારે રણસંગ્રામમાં કૂદી પડી જગતના કલ્યાણની અને ઊર્ધ્વગતિની વાતો ઠેકઠેકાણે કરી રહ્યા હતા અને આ પ્રમાણે દેશમાં જ્યારે વિચિત્ર પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી હતી અને લોકો બિચારા હોલામાંથી ચૂલામાં પડવા જેવી સ્થિતિને પ્રાપ્ત થતા હતા, અને તેમને કોઈ ઠેકાણે સુખશાંતિ ન જણાવવાથી તથા ધર્મને નામે જ્યાં ત્યાં છળ પ્રપંચ થતા જોવામાં આવવાથી ધર્મકર્મને ઊંચે મૂકીને નાસ્તિક થઈ જતા હતા. દેશના સુધારકો વિજ્ઞાનની શોધોનું અને પાશ્ચાત્ય પ્રજાઓનું

અનુકરણ કરી તેમના જેવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં જ પ્રજાની ઊર્ધ્વગતિ અને પ્રજાનું સુખ રહેલું છે તેમ સમજાવી રહ્યા હતા.

જે વખતે દેશમાં લાખો વેદાંતનાં અને યોગનાં પુસ્તકો છપાઇને પ્રજાની આગળ ધરવામાં આવતાં હતાં, અને આ પુસ્તકોનું વાંચન વધારી પ્રજાને જ્ઞાની કે યોગી કરવાના પ્રયાસ ચાલી રહ્યા હોવા છતાં પ્રજામાં કોઇ સાચા જ્ઞાની કે સાચા યોગી આ પ્રકારના વાંચનથી પાકતા ન હતા તથા જે વખતે માત્ર વેદાંતની અને જ્ઞાનની વાતો કરી લોકો ગમે તે પ્રકારનું આચરણ કરતા હતા અને આચારવિચારને ભૂલી ગયા હતા અથવા ભૂલી જતા હતા. લોકો શુદ્ધ આચારને ભૂલી ગયા હતા. ઠેક ઠેકાણે યોગ, ભક્તિ અને વેદાંતની ચર્ચા, ભાષણો અને વાતો થતી હોવા છતાં સાચો યોગ, સાચી ભક્તિ કે સાચું જ્ઞાન લોકો સમજતાં નહોતા. લોકો યથેચ્છ આચાર વિચાર સેવીને ભ્રષ્ટ થઇ અધોગતિને પામી રહ્યા હતા.

કર્મ અને ઉપાસના એ જ્ઞાનના પ્રથમ પગથિયાં છે એને પ્રજા ભૂલી ગઇ હતી અને જ્ઞાનરૂપી મંદિરના સાત માળના શિખરે સ્થિત થવાને મિથ્યા કૂદકા મારી રહી હતી. કર્મ અને ઉપાસના એ વચલાં પગથિયાં ચઢયા વિના જ્ઞાનમંદિરના શિખરે ચઢી શકાતું નથી, એ આચાર સિદ્ધ કરી જગતને દર્શાવવા માટે, તથા સાચા ગુરુ, સાચો યોગી, સાચો ભક્ત કે સાચો જ્ઞાની કેવો હોઇ શકે તે દર્શાવવા માટે તથા ઉપર જણાવી તે સર્વ બાબતમાં પ્રજાની દુર્દશા થઇ રહી હતી તે દુર્દશામાંથી પ્રજાનો ઉદ્ધાર કરવા તથા કયા રસ્તે પ્રજાનું સાચું કલ્યાણ થઇ શકે છે અને કોણ પ્રજાનું સાચું કલ્યાણ કરી શકે છે એ દર્શાવવાને મંજુસરનાં મહાત્મા શ્રી મુગટરામ મહારાજનું અવતરણ થએલ.



પ્રભુશ્રીમાં ગુરુ કે ધર્માચાર્ય થવાની સર્વપ્રકારની યોગ્યતા છતાં આ પ્રકારની પ્રણાલી પોતે ચલાવી ન હતી, પણ માત્ર જુદી જ રીતે પ્રવૃત્તિ કરી હતી. તેઓશ્રીએ હું ગુરુ છું અને તમે મારા શિષ્ય છો એવો ભાવ કદી રાખ્યો ન હતો. પોતાની પાસે આવનાર અને પોતાની પાસેથી દીક્ષા લઇ જનારના મનમાં પણ બંધનરૂપે એવો ભાવ ઉપજવા દીધો નહોતો. પોતાની પાસે શિષ્યભાવે આવવું જ જોઇએ, અમુક દ્રવ્ય મૂકવું જ જોઇએ, કે એવા જ પ્રકારનું કોઇ પણ પ્રકારનું બંધન કોઇને માટે પણ મહારાજશ્રીએ રાખેલ નહિ. પોતાની પાસે હજારો મનુષ્ય આવતાં હતાં, છતાં પ્રભુશ્રીએ કોઇને માથે પંથ અથવા ધર્મનું બંધન નાંખ્યું નહોતું.

પોતાની પાસે આવનારનું કલ્યાણ કરવામાં જ મુગટરામ મહારાજ સદા મસ્ત રહેતા. તેમને બીજી કોઇ સ્પૃહા નહોતી. પોતાના અનુયાયી વધારવાની કે યુક્તિપ્રયુક્તિ દ્વારા પૈસો વધારવાની વૃત્તિથી તેઓ પર હતા. પોતાની પાસે આવનાર જૈન, મુસલમાન, પારસી વગેરે સર્વ પ્રભુશ્રીનો અતુલિત પ્રભાવ જોઇ તેમનાં ચરણમાં મસ્તક નમાવતા હતા. પણ તેમને કોઇ પંથ ચલાવવાની ઇચ્છા જ ન હતી. હિંદુસ્તાનમાં આજે ક્યાં પંથ ઓછા છે, કે તેઓ વળી એક નવો પંથ વધારે? તે છતાં પોતાની પાસે આવનાર હજારો મનુષ્યોનું તેઓશ્રીએ જે કલ્યાણ કર્યું છે, તેનું માપ નીકળી શકે તેમ નથી.

એક વખતે લેખકે આરંભમાં પ્રભુશ્રીને એવી પ્રાર્થના કરેલી કે પ્રભુ! આપે ગાયત્રીની ઘણી ઉપાસના કરી જણાય છે, વળી આપ બ્રાહ્મણને તેવી ઉપાસના કરવાનું પણ જણાવો છો, તો આપ એકાદ લાખ રૂપિયા ખરચીને ગાયત્રી દેવીનું એક સુંદર

ભવ્ય મંદિર બાંધો તો સારું. પ્રભુશ્રીએ તે પ્રાર્થનાના જવાબમાં કહ્યું, અરે! પંડિતજી, તમે આ શું બોલ્યા? ગાયત્રી માતા તો બ્રહ્મરૂપા છે વળી તે વિશ્વભરમાં વ્યાપક છે, તેમને આપણે શા માટે એક સ્થાનમાં બદ્ધ કરીએ! આ પ્રમાણે જવાબ આપી તે વાત ઉડાવી દીધી હતી. તાત્પર્ય, એ કે આ પ્રકારની પ્રવૃત્તિ તેમને કરવી ન હતી.

બીજા ગુરુઓ કહે છે તે ખોટું છે, અને હું કહું છું તે સાચું છે એવું તેઓએ કદી કહ્યું નથી, પણ તેઓ જે બોલતા તે થતું અથવા જે માર્ગ બતાવતા તે સફળ થતો, તેથી લોકો પ્રભુશ્રીની બીજા સર્વ કરતાં શ્રેષ્ઠતા છે, એમ સ્વાનુભવથી જ જાણતા.

તું મારી દીક્ષા લે, કંઠી બાંધ, ઉપદેશ લે, એવું તો શ્રી મુગટરામ મહારાજ કોઇને કદી કહેવડાવે જ નહિ, છતાં જે કોઈ પોતાના કલ્યાણનો માર્ગ જણાવવા કહે તો તેઓ કોઇ પણ જાતના આડંબર વિના તરત જ તેને જણાવે. તે માર્ગને અનુસરતાં તેઓને તેના લાભ તરત જ સમજાય, એટલે તેની મહત્તા લોકો આપોઆપ જાણે. પ્રભુશ્રીની ઉપદેશ આપવાની પદ્ધતિ પણ જુદી. ન જોઇએ ફૂલ, ન જોઇએ ચંદન, ન જોઇએ હાર, ન ધૂપ, ન દીપ, ન એકાંત, ન નૈવેદ્ય, ન પૈસા, ન આડંબર, કે કંઇ જ. જે વખતે સાધક કે જીજ્ઞાસુ યાચના કરે તે વખતે જ, તે સમયે જ જે મંત્ર પોતાના મુખમાંથી નીકળી જાય તે જ તેને ગ્રહણ કરવાનું કહે. કોઇ પ્રસંગે અશુદ્ધ મંત્ર પણ બોલી જાય અને સામી વ્યક્તિ પૂછે તો કહે, કે જે ભગવાને બોલાવ્યું તે ખરું. તમારે તેનો જ જપ કરવો. પેલી વ્યક્તિ તે પ્રમાણે જપ કરે, અને તેનું કલ્યાણ થાય.



બીજા ગુરુઓ પોતાને પોતાનામાં કંઇ ન છતાં, સિદ્ધ, યોગી કે ઈશ્વર તરીકે મનાવવાને પ્રયત્ન કરે જ્યારે "હું તો એક સાધારણ બ્રાહ્મણ છું" એ પ્રમાણે કહી પોતાનામાં જાણે કંઇ જ નથી, એમ જણાવે, છતાં જેમને તેઓશ્રીનો અનુભવ હતો તે તો જાણતા હતા, કે તે યોગીઓના પણ યોગી હતા, અને અનંત જ્ઞાનૈશ્વર્ય–સંપન્ન સાક્ષાત્ ઈશ્વર હતા.

બહારથી હાલના ગુરુઓ કે આચાર્યો પોતાને પુરુષોત્તમ, ઈશ્વર કે એવા જ કહેવરાવે છે, વળી પોતે બીજાના કરતાં પોતાને મોટા મનાવે છે છતાં વસ્તુતઃ અંતરથી તે દીન, અનેક પ્રકારની શિષ્યોની સ્પૃહાવાળા, યુક્તિપ્રયુક્તિથી દ્રવ્ય કે અન્ય પદાર્થોને માગનારા, અને તેમની આ સ્થિતિમાં તેઓ દયાને પાત્ર હોય છે. પોતાનું જ કલ્યાણનું ઠેકાણું નથી હોતું છતાં તે જગતના કલ્યાણની વાતો કરે છે.

જ્યાં ત્યાં બીજાને બોધ આપવો, લાંબા લાંબા ભાષણો કરવાં, લાંબા લાંબા લેખો લખવા એ પ્રકારની જે પ્રવૃત્તિ આજે ચાલી રહી છે. આવા મહાશયોને બોધ, ભાષણ કે લેખો લખવામાંથી નિવૃત્ત થવાનો જીવનપર્યંત યોગ આવતો નથી, કે નથી તો તેમના શ્રોતાઓ તે સાંભળવા વાંચવામાંથી બિચારા નિવૃત્ત થતાં. આ પ્રકારની પ્રવૃત્તિથી બીજાનું કેટલું કલ્યાણ થાય છે, એ તો ઉઘાડું જ છે. તાત્પર્ય કે આ બધી પ્રવૃત્તિનો કંઇ વિશેષ સાર જોવામાં આવતો નથી.

પૂ. શ્રી મુગટરામ મહારાજે આ પ્રકારની પ્રવૃત્તિ કદી કરી નહોતી. કલાકો, દિવસો અને મહિનાઓનાં ભાષણથી જ બીજા નથી કરી શકતા તે પોતે એકબે વાક્યથી જ કરી શકતા અને પોતાની પાસે આવનારનું અત્યંત કલ્યાણ કરી શકતા, પછી શા

માટે તેઓ આવી બધી ખટપટમાં પડે! પોતે સિદ્ધદશાને પ્રાપ્ત છતાં, આચારવિચારના નિયમનું કદી પોતે વિસ્મરણ કર્યું નહોતું, કે તેમાં કદી સ્ખલન કર્યું નહોતું.

લોકો માત્ર અંતરશુદ્ધિની વાત કરે છે, પણ તે અંતરશુદ્ધિનો અથવા સત્ત્વશુદ્ધિનો આધાર બાહ્યશુદ્ધિ અથવા તત્ત્વશુદ્ધિ ઉપર હોય છે, તે જાણતા નથી. જ્ઞાનપ્રદીપ તે જ શરીરમાં પૂર્ણપણે પ્રકાશે છે, કે જે શરીરે સત્ત્વશુદ્ધિ અને તત્ત્વશુદ્ધિ બંને કરેલી હોય છે. **તત્ત્વશુદ્ધિ** એટલે આ શરીરનાં પરમાણુની શુદ્ધિ આ પ્રથમ પગથિયું છે અને તેને લોકોએ વિસારી દેવાનું નથી. શરીરના પરમાણુની અશુદ્ધિ, એ એક પ્રકારનો મળ છે, અને એને દૂર રાખ્યા વિના આત્મજ્યોતિ અથવા પરમાત્મજ્યોતિ ઘરમાં ઝળહળતી નથી. આ તત્ત્વશુદ્ધિ આ પ્રકારે થાય છે.

શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે શૌચસ્નાનના નિયમો પાળવા જોઈએ. જે લોકો પવિત્રતા પાળતા નથી અને સ્નાન આદિથી શરીરને સ્વચ્છ રાખતા નથી તેમના શરીરનાં પરમાણુઓ મલિન રહે છે. જે નાહીને સ્વચ્છ ધોયેલાં વસ્ત્ર પહેરતા નથી, તેમના પરમાણુઓની પણ શુદ્ધિ થતી નથી. જે ન ખાવા યોગ્ય પદાર્થો ખાય છે, જેમનું ન ખાવું જોઈએ અને જેમનું રાંધેલું ન ખાવું જોઈએ તેમનું રાંધેલું ખાય છે તેમના શરીરનાં પરમાણુઓ પણ વિશુદ્ધ હોતા નથી, અને તેમના શરીરની તત્ત્વશુદ્ધિ થતી નથી. જો વિવેકી અને બુદ્ધિમાન મનુષ્યો સાવધ રહીને પ્રથમ આ પ્રકારની તત્ત્વશુદ્ધિ કરે તો તેમની સત્ત્વશુદ્ધિ સત્વર થાય અને તેમના ઘરમાં જ્ઞાનપ્રદીપ સત્વર પ્રકાશે. તત્ત્વશુદ્ધિ સત્ત્વશુદ્ધિમાં બહુ ઉપકારક છે.



લોકો આજે માત્ર આંતર શુદ્ધિની જ વાતો કરી રહ્યા છે, પણ તે બિચારા જાણતા નથી, કે આ પ્રકારની શરીરની શુદ્ધિ કર્યા વિના આંતરશુદ્ધિ થતી નથી. આંતરશુદ્ધિ કરવી એ કંઈ સહજ નથી. સત્ત્વશુદ્ધિ એટલે અંતઃકરણની શુદ્ધિ. સત્ય બોલવું, પ્રાણી-માત્ર ઉપર દયા રાખવી, સર્વ ઉપર પ્રેમભાવ રાખવો, યમ નિયમનું પાલન કરવું, પ્રાણાયામ કરવા, સંયમ કરવો, ભગવાનનું ભજન કરવું, સંતસમાગમ કરવો વગેરે. કામક્રોધનો જય કરવો. તેનાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. આ બે પ્રકારની શુદ્ધિ જેનાંમાં થયેલી છે, તેના ઘરમાં પરમાત્મજ્યોતિ પોતાનો પ્રકાશ પૂર્ણિમાના ચંદ્રમાની પેઠે પ્રકાશે છે.

પ્રાચીનકાળના ઋષિમુનિઓનાં જીવનને જોઈએ તો જણાય છે તેઓ હંમેશા ઉપાસનામય જીવન ગાળતા અને જ્ઞાનપ્રાપ્તિ કરતા. આજે તો લોકોને આરામ ખુરશીમાં પડયા પડયા વેદાંતના પુસ્તકો વાંચીને આ જ્ઞાન જોઈએ છે. વળી કંઈ લોકો જાણે વાચનથી જ પ્રજામાં જ્ઞાન પ્રકટી જશે, એમ ધારીને હજારો પુસ્તકોનો પ્રચાર કરવા લાગ્યા. કંઈ જનો ભાષણથી જ તે પ્રાપ્ત થશે એમ ધારીને ભાષણો કરવા લાગ્યા અને શ્રોતાઓ પણ એકાદ કોઈ કોઈ દહાડો આવું ભાષણ સાંભળી આવ્યા એટલે તે પ્રાપ્ત થઈ જશે, એમ માનીને ભાષણો સાંભળવામાં જ સર્વ શ્રેય માનવા લાગ્યા. પરંતુ આ પ્રકારની પ્રવૃત્તિથી આ દેશમાં કેટલા સાચા જ્ઞાની પાક્યા છે તે દર્શાવવાને દીવાની જરૂર પડે તેમ નથી.

આવા સમયમાં પ્રભુશ્રીએ પ્રકટ થઈને જણાવ્યું કે ભાઈ રે! આ પ્રમાણે માત્ર વાંચે, સાંભળે અને વાતો કરે જેને તમે શાસ્ત્રો અને અનુભવી પુરુષો અનુભવજ્ઞાન કહે છે તે પ્રકટવાનું નથી. તે

તો માત્ર ઉપાસના વડે જ પ્રકટે. શ્રી મુગટરામ મહારાજે પ્રથમાવસ્થામાં લોક કલ્યાણાર્થે તીવ્ર ઉપાસના કરી હતી અને જગતને બતાવ્યું હતું કે જો તમે દુઃખનો અશેષ લય જ કરવા ઇચ્છતા હો, જો તમે પરમેશ્વરને પામવા ઇચ્છતા હો, અને જો તમે પરમાનંદને મેળવવા ઇચ્છતા હો, તો ઉપાસનામાં વળો. ઉપાસના વિના તમારી સિદ્ધિ નથી.

મહારાજશ્રીની બ્રહ્મનિષ્ઠતા અદ્ભુત હતી. પોતે સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ જ હતા. તેઓ ગુજરાતી બે ચોપડી ભણ્યા હતા, છતાં જ્યારે સમર્થ વિદ્વાનો તેમની પાસે આવતા ત્યારે મુગટરામજીને જોતાં તેમની સ્થિતિ સૂર્યનો ઉદય થતાં એક આગિયાની કે તારાઓની થાય તેવી થતી. તેઓશ્રીનું વાતાવરણ જોતાં જ તેમને પોતાની ક્ષુદ્રતા સમજાતી. કોઈ વાર્તાનો પ્રસંગ નીકળે તો આખા પ્રસંગે મહારાજશ્રી ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર કે ગમે તે શાસ્ત્રમાંથી પ્રમાણ આપે.

શ્રી મુગટરામ મહારાજની દૃષ્ટિ આગળ શાસ્ત્રમાત્ર જાણે કે ઉઘાડાં પડયા હોય તેમ જણાતું, અને તેમને જેમાંથી જે જે વાક્ય જોઈએ તે આવીને તેમની આગળ ખડું થતું. તેઓ મધ્યરાત્રીએ બધાં સૂઈ જાય એટલે પોતાનાં પગ બાંધી, ભીંત અડતા જઈ ઊંધુ માથું કરી પગ ખીંટીએ લટકાવી સવારના ચાર વાગ્યા સુધી શંકર ભગવાનનું ભજન કરતા. પરિણામે રુદ્ર ભગવાન પ્રસન્ન થયા. ચાર વાગે એટલે પગ છોડી સ્નાન કરી ગાયત્રીના જપ કરતા. ગાયત્રીનાં એટલાં પુરશ્ચરણો તેઓએ કર્યા હતા કે તેમનો સાક્ષાત્કાર થયો હતો અને તેમને હાજરાહજુર રહેતાં. શંકર ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કર્યા પછી મધ્યરાત્રીએ માત્ર બે



કલાક જ તેમનું ધ્યાન કરતા અને ત્યારબાદ ગાયત્રીની ઉપાસના કરતા.

ઘણે પ્રસંગે બે કે ત્રણ વાગે ઘરમાં કોઈને પણ ખબર ન પડે તેમ છાનામાના ઊઠીને ગોળાના ઠંડા પાણીએ શિયાળાની કડકડતી ટાઢમાં પણ સ્નાન કરી જપમાં બેસી જતા. આ પ્રમાણે પૂ. મહારાજશ્રી નિત્ય છ કલાક ગાયત્રીના જપમાં સહજ કાઢતા. ચાતુર્માસમાં પોતે રાત્રે ચાર વાગે બેસે તે દિવસના ચાર વાગ્યા સુધી એક આસને બેસી રહે. આ પ્રમાણે તેઓ પુરશ્ચરણ ઉપર પુરશ્ચરણ કર્યા કરે. છેવટના સમયમાં તેઓ મધ્યરાત્રે માત્ર શંકર ભગવાનનું ધ્યાન કરતા અને પ્રાતઃકાલે ગાયત્રીનો જપ કરતા. આ બે દેવતાનું ધ્યાન તથા જપ પોતે દેહ છોડયાના છેલ્લા દિવસ સુધી એક પણ દિવસ પાડયા વિના કર્યાં હતા.

**રમણ મહર્ષિના શ્રીમુખે બોલાયેલા સારવચનો**

ભગવદ્ગીતામાં કહેલું છે કે 'જ્ઞાની પુરુષ એવું માને છે કે જુદી જુદી ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત થાય છે અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓથી અલિપ્ત રહે છે.' હું એનાથી આગળ વધીને કહેવા માગું છું કે જ્ઞાની એવો વિચાર પણ નથી કરતો. એ આત્માસ્વરૂપ હોય છે અને આત્માથી જુદું કશું નથી જોતો. ગીતાએ જે કહ્યું છે તે સ્વાનુભવ સિદ્ધ પૂર્ણ જ્ઞાનીને માટે નથી કહ્યું, પરંતુ અભ્યાસીને માટે જ કહેલું છે.

## AN EXPERIENCE OF KUNDALINI
## BY MAHATMA YOGESHWARJEE

**Translated by Narayan H. Jani**

During those days I had one noteworthy experience. Once at night I sat for meditation. After mid-night, I experienced inner joy during meditation. With the passing of time, my concentration intensified. I had no idea about the exact time at that moment; because I had no watch. In this process I lost my external body conscienceness. It was just the beginning of the state of Samadhi. In it, I saw light and light all around. This light could only be compared with one that emerges out of thousand lamps lighted at a time. I had a clear view of my spinal cord in that light. The inner portion of it could also be viewed clearly. That portion too was full of dazzling light of thusand lamps. In it, I clearly saw some subtle power-element gradually rising up from the bottom of the spinal cord. I thought "This must be kundalini-the serpent power," This is the same kundalini about which we find referenecs in the books on



yoga. With the steady gradual movement, it first reached at my heart position and then to the throat. By further movement it gradually arrived at the place between my eye brows. At that time, I had no body conscienceness but the subtle mind in its finest form, which was still active, experienced all this. With the rising of the power element, this mind revolved with the whirl of light like the wheel of a cart or a chariot. No doubt this round movenent was very slow. At that time I experienced both joy and fear, because what would happen to this rotating mind of mine and to my body! where would it end? All these thoughts caused slight fear in me. This was really a new experience for me.

At that very time, there was also another experience. My heart-beats were gradually getting slow and slow and were on the verge of getting stopped. I had read in the books on yoga that during the highest type of Nirvikalpa SAMADHI, the heart beats of the yogi stop thoroughly.

I personally experienced that very truth. I

felt I was entering into that state of NIRVIKNIPA SAMADHI. Yes, it was indeed an entry into it. This whole experince was all of a sudden and therefore it caused fear and hesitation. Who knows how long that experience lasted! But thereafter, I lost even my little subtle conscienceness. I felt as if my mind completely lost its existence.

When I openned my eyes it was already morning. The sunlight was quite visible outside. Vedbandhu was then just waiting outside for me. He utterred, "Oh, how late it is! I am waiting for you since long. I find luster and joy on your face. You must have some very good spiritual experience."

I narrated him my whole unique divine experience. He was much pleased to hear it and could not resist himself from embracing me. He said "You really enjoy the full grace of God."

(From the autobiography of Yogeshwarjee)



# ધ્યાન સાધના શિબિર

— તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં આ વર્ષે પ. પૂ. મહાત્મા · શ્રી યોગેશ્વરજીની આઠમી પુણ્યતિથિ નિમિત્તે પાંચ દિવસની ધ્યાન–સાધના શિબિર અંબાજી ખાતેના સ્વર્ગારોહણ તીર્થ (માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ, દાંતા રોડ,) ખાતે યોજાશે. તેનો પ્રારંભ તા. ૧૮–૩–૯૨ ને બુધવારના રોજ બપોરથી થશે ને પુર્ણાહુતિ તા. ૨૨–૩–૯૨ ને રવિવારના રોજ થશે.

તા. ૧૮ મી ના રોજ હોળી છે. તે દિવસે હોળીનું પૂજન પણ શાસ્ત્રોક્તવિધિથી પૂ. માના સાન્નિધ્યમાં અંબાજીમાં પ્રથમવાર જ થશે.

સાધકોની રહેવા વગેરેની વ્યવસ્થા તા. ૧૭ માર્ચ ૯૨ ના રોજ બપોર પછી અંબાજી ખાતે કરવામાં આવશે. શિબિર અંગેની વધુ વિગતોની જાહેરાત ફેબ્રુ. ૯૨ ના અંકમાં કરવામાં આવશે.

* * *

## * ભૂખ્યાને ભાથુ *

અધાસી માતા માઈ મંડળ, બારડોલી તરફથી માનવ સેવા અર્થે, હાઈવે પરથી પસાર થતા વટેમાર્ગુ, સંત સાધુ અને ભિક્ષુકોને રોજ સવારના ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ ભૂખ્યાને ભાથુ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આની શરૂઆત તા. ૧૭–૧૦–૯૧ ને દશેરાના દિનથી કરવામાં આવી છે.

ઉત્તરાખંડમાં

# ભૂકંપ પીડિતો માટેની સહાય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ હિમાલયની પવિત્ર ભૂમિમાં ઉત્તરકાશીમાં રહીને આધ્યાત્મિક સાધના કરેલી. અહીં તેઓને ઘણા ઉચ્ચ આધ્યાત્મિક અનુભવો થયેલા.

આ ભૂમિને ભૂકંપે તા. ૨૦–૧૦–૯૧ ના રોજ વહેલી સવારે એવી તો હલાવી નાંખી કે હજારો લોકો બેઘર બની ગયા, ને અનેકો નિરાધાર બન્યા. વળી શિયાળો શરૂ થતાં આ નિરાધાર લોકોની સ્થિતિ ભારે ઠંડીને લીધે ઘણી જ કફોડી બની છે.

આ ભૂકંપપીડિતોને મદદ કરવા "મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ, મસૂરી" પ્રયાસ કરી રહ્યું છે. તેનો કાર્યભાર સંભાળે છે શ્રી રતનલાલજી જેઓ છે પૂ. શ્રી યોગેશ્વરજીના એક નિષ્ઠાવાન ભક્ત અને અનુયાયી છે. તો આ સંસ્થાને પોતાનો ફાળો ઉદાર હાથે ઉપરના નામે ક્રોસ ચેકથી મોકલાવવા વિનંતિ છે. — તંત્રી

## * વીણેલાં મોતી *

* તમારી આવકની મર્યાદામાં રહીને તમે બધી સગવડો ભોગવો, ઉડાઉપણું તમને બેચેન બનાવશે.

* આત્મદર્શી પુરુષ અંતરના અવાજની પરવાનગી સિવાય કદી પણ કોઇ ચમત્કાર કરતો નથી. ઈશ્વર એમ ઇચ્છતો નથી કે તેના સર્જનનાં રહસ્યો ગમે તેવાની જાણમાં આવે. યોગેશ્વરજી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રાવણ સહેજ પણ શરમાયા વગર ખડખડાટ હસીને બોલ્યો. 'મંદોદરી, તારી દલીલ સમજાય તેવી છતાં વિચિત્ર છે. તને ખબર નથી કે સીતાની વાત જરા જુદી છે. મને એને જોઇને મોહ થયો છે માટે હું એને હરી લાવ્યો છું. છતાં પણ તું વિશ્વાસ રાખજે કે હું એના પર કોઇ જાતની બળજબરી નહિ કરું.'

'મંદોદરી બોલી, એને એના પતિની ગેરહાજરીનો લાભ લઇને એના એકાંત આશ્રમમાંથી સાહસ કરીને ઉપાડી લાવ્યા એથી વધારે બળજબરી બીજી કયી હોઇ શકે? પરંતુ યાદ રાખજો કે તમારું એ સાહસ તમને ભારે પડી જશે. સીતાએ પોતાના પતિ તથા અરણ્યના એકાંત આશ્રમમાંથી છૂટા પડતી વખતે કેટલું બધું કલ્પાંત કર્યું હશે અને કેટલાં બધાં અસંખ્ય આંસુ સાર્યાં હશે? એણે તમારા સકંજામાંથી છૂટવા માટે કેટલી બધી વિનવણી કરી હશે? પરંતુ એની અસર તમને લગાર પણ નહિ થઇ હોય, નહિ તો તમે એને એ જ વખતે છોડી દેત. તમે જો તદ્દન નિર્દય ને લાગણીહીન ના બની ગયા હો તો હજુ પણ એને છોડી દો.'

'તું એની વકીલાત કરી રહી છે, પરંતુ તને હજુ ખબર નથી કે હું એટલો બધો મૂર્ખ નથી કે હાથમાં આવેલા હીરાને છોડી દઉં. રામની શક્તિ હોય તો એને ભલે છોડાવી જાય, બાકી હું તો એને નહિ જ છોડું.'

'એનો અર્થ એવો થયો કે તમે તમારો તો નાશ કરશો જ પરંતુ અમારા સૌનો નાશ પણ નોતરશો.'

'મારો કે તમારો નાશ કરવાની શક્તિ કોનામાં છે? મને તો મારી નાશ કરી શકે તેવું સંસારમાં કોઇ જ નથી દેખાતું.'

'એ તમારું ગુમાન અથવા મિથ્યાભિમાન છે અને એ મિથ્યાભિમાન

માટીમાં મળશે, રામના હાથે જ નષ્ટ થશે, એવું મને લાગ્યા કરે છે. સીતાનું હરણ થવાથી એનો આરંભ થઇ ચૂક્યો છે. તમે તમારી જાતને તથા લંકાને સલામત માનો છો, પરંતુ રામના બાહુબળની આગળ કશું જ સલામત નથી રહેવાનું. તમે શું એમ માનો છો કે રામ અહીં આવ્યા વિના રહિ શકશે? અને ધારો કે એ નહિ આવે તોપણ, સીતાનાં આંસુ, સીતાના પોકાર, સીતાની વેદના અને આહ વ્યર્થ નહિ જાય. એ તમારે માટે જીવલેણ બની જશે. નિર્દોષનાં આંસુ કદી પણ નકામા નથી જતાં. એની પીડા અને એના પોકારોના પ્રવાહો પોતાના વેગથી મોટાં મોટાં સામ્રાજ્યોને પણ ધરાશાયી કરી દે છે.'

'તું નિરર્થક ચિંતા કરી રહી છે ને નકામી ડરી ગઇ છે, મંદોદરી!' રાવણ બોલ્યો.

'મંદોદરી બોલી, હું ડરી નથી ગઇ તથા નકામી ચિંતા પણ નથી કરી રહી. હું તો ભવિષ્યનો વિચાર કરીને તમને સાચી સલાહ આપી રહી છું. હું તમારી પત્ની હોવાથી મારો પત્ની તરીકેનો ધર્મ બજાવી રહી છું. મારો ધર્મ તમને બુરા માર્ગેથી પાછા વાળવાનો છે.'

'મારો માર્ગ બુરો છે જ નહિ.'

'એ તો તમે કહો છો ને? તમારા એ કથનને સમજુ મનુષ્યો કદી પણ નહિ સ્વીકારે. પરસ્ત્રીના હરણનો માર્ગ કોઇ યે નથી વખાણ્યો ને કોઇ યે મંગલ નથી માન્યો. એ માર્ગે આગળ વધીને ગૌરવ ગણનારા પુરુષો પણ તમારા જેવા કોઇક જ હશે.'

'તું દલીલો તો ભાતભાતની કરે છે પરંતુ તારો ધર્મ મને બધી રીતે મદદરૂપ થવામાં છે એ ભૂલી જાય છે.'

'મંદોદરી તરત બોલી ઉઠી. મારાથી તમને બુરા કાર્યમાં મદદરૂપ ના થઇ શકાય.'

રાવણ બોલ્યો. 'તારે તો સીતાને સમજાવવા પટાવવાના પ્રયત્નો કરવા જોઇએ. એ મારી પટરાણી બની શકે તે માટે તેને તૈયાર કરવી જોઇએ. પરંતુ એમ કરવામાં પણ કદાચ તને ભય લાગતો હશે. તને એ શંકા થતી હશે કે સીતા મારી પ્રેમિકા ને પટરાણી બનશે તો તારું વર્ચસ્વ ઓછું થશે.



પણ એમાં આશંકા કરવા જેવું કશું જ નથી. સીતા મારી પટરાણી બનશે તોપણ તું તો મને એટલી જ પ્રિય રહેશે. તારું સ્થાન તો એવું જ અનેરું અને અજોડ રહેશે. તારું પટરાણીપદ કોઇ યે નહિ લઇ લે અને મારા હૃદયમાં તારું જે પ્રેમપૂર્ણ સ્થાન છે તે પણ કોઇ યે નહિ છિનવી લે. તું તો મને એવી જ પ્રિય રહેવાની છે. તારું સ્થાન મારા જીવનમાં આવું જ અજોડ રહેશે.'

મંદોદરી બોલી. 'મને મારા પટરાણી પદની કશી જ નથી પડી. સીતા જો તૈયાર થતી હોય તો મારું પટરાણીપદ હું એને આજે જ આપી દેવા તૈયાર છું. પરંતુ એના મનમાં એવો વિચાર જ નથી પેદા થતો અને કદીપણ પેદા નથી થવાનો. એવો વિચાર એ સ્વપ્ને પણ નહિ કરી શકે.'

'તને શી ખબર? તું એને મળ તો ખરી. એના વિચારો જાણીને એને મનાવવાનો પ્રયાસ તો કર.'

'મારાથી એને મનાવવાનો પ્રયાસ નહિ થઇ શકે છતાં હું એને મળીશ ખરી. એને મળું એમાં તમને કાંઇ હરકત તો નથી ને!'

રાવણ પ્રસન્નતાપૂર્વક બોલ્યો. 'મને એમાં શી હરકત હોય? તું એને મળીશ અને એની સાથે સ્નેહપૂર્વક વાત કરીશ તો કદાચ એનું મન પલટાશે અને એ મારી પ્રિયતમા બનવા તૈયાર થશે.'

'મને દુઃખ થાય છે કે તમે સીતાના સંબંધમાં આવા અમંગલ વિચાર સિવાય બીજો વિચાર જ નથી કરી શકતા.'

'મને પણ દુઃખ છે કે તું મારા દિલને નથી સમજી શકતી. એને સમજતી હોત, સીતાને માટેની એની લાગણીને જાણતી હોત, તો એને જરૂર ન્યાય કરત.'

'એવો ન્યાય મારાથી કદી પણ અથવા કોઇ યે સંજોગોમાં નહિ કરી શકાય.' મંદોદરીએ સાફ શબ્દોમાં સંભળાવી દીધું. 'હું તો સીતાને ન્યાય કરવા માગું છું. એ સ્ત્રી છે એટલે એના દિલનાં સ્પંદનોને હું સહેલાઇથી સમજી શકું છું. એ પતિવ્રતા સ્ત્રી છે એટલે તમને કદી પણ તાબે નહિ થાય.'

રાવણ વ્યંગ કરતાં બોલ્યો. 'પતિવ્રતા? એ કેવી પતિવ્રતા છે એ હું થોડા જ વખતમાં બતાવી આપીશ. એવી તો કેટલીય પતિવ્રતાઓને તથા

કુમારિકાઓને મેં મારી પ્રિયતમાઓ બનાવી દીધી. એમની આગળ સીતાની શી વિસાત છે?

'સીતાનું ઘડતર જુદી જાતનું છે.'

'તોપણ શું? મારું ઘડતર પણ ક્યાં જુદી જાતની માટીમાંથી નથી થયું? એનો હૃદયપલટો કરવાની હું પૂરેપૂરી શક્તિ ધરાવું છું.'

'એ શક્તિ બીજી કુમારિકાઓ તથા સ્ત્રીઓને ભલે પલટાવી શકી પરંતુ સીતાને નહિ પલટાવી શકે. એના સંબંધમાં તમારે નિરાશ થવું પડશે. સીતાના સંબંધમાં મેં વિશ્વાસનીય સૂત્રો દ્વારા જે વાતો સાંભળી છે તેમના પરથી હું એવા નિર્ણય પર પહોંચી શકી છું. સીતાને તમે બીજી સ્ત્રીઓ જેવી ના સમજતા. અને બીજી સ્ત્રીઓનું પણ શું છે? એમનામાંની કેટલીકને તમે હરી લાવ્યા છો ને બળજબરીથી કેદ કરી બેઠા છો. એ સ્ત્રીઓ પોતાની ઇચ્છાથી અહીં નથી રહી. એમના આત્માએ કેટલાંય આંસુ સાર્યા છે. ક્રંદન કર્યા છે, નિસાસા નાંખ્યા છે, ને પોકારો પાડયા છે, તથા છેવટે કોઇ રસ્તો નહિ દેખાવાથી રાજપ્રાસાદની દિવાલો વચ્ચે પુરાઇ રહેવાનું પસંદ કર્યું છે. તમે આઝાદી આપો તો એમનામાંની કેટલીય એમને ઘેર જવા માટે વિદાય થાય. પરંતુ તમે એમને આઝાદી આપો એવા છો જ ક્યાં? તમારું અંતર એટલું નિર્દય અથવા જડ બન્યું છે.'

રાવણ સ્મિત કરતો રહ્યો એટલે મંદોદરી થોડીક વાર અટકીને આગળ બોલી. 'સીતાને તમે એવી રીતે તમારી નહિ બનાવી શકો. એ મરી જવાનું પસંદ કરશે તો ભલે, પરંતુ તમારી નહિ થાય. તમે તમારી હઠ અને વાસનાનો ત્યાગ કરો તે જ બરાબર છે.'

તમે રામની સાથે હાથે કરીને વેર બાંધી રહ્યા છો. અગ્નિમાં હાથ નાંખવાથી જેમ દાઝ્યા વિના નથી રહેવાતું તેમ રામની સાથેનું આ વેર તમને તો દઝાડશે પણ તમારી સાથે સંકળાયેલા સૌને દઝાડીને ભસ્મિભૂત કરી દેશે. તેની કલ્પના કરી શકો છો?

(ક્રમશઃ)

## * ભૂલું નહિ *

જગતની અનેકવિધ, પારવિનાની પ્રવૃત્તિઓમાં પણ હે પ્રભુ, તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ.

આતુર ને આર્ત આંખમાં અશ્રુધારાની માળા કરીને ન જાણે કેટકેટલાં ઊભાં રહ્યાં છે! ને મૂક, મ્લાન કે કરુણ કાળજામાં ક્લેશ લઇને બીજાં હજારો જીવી રહ્યાં છે! એ સૌના સંકટમાં ભાગ લેતાં પણ, તારા સુમધુર મુખને ભૂલું નહિ!

કો'ક પડી ગયાં છે, તે હાથ આપતાવેંત બેઠાં થાય છે, ને લથડી રહેલાં ટેકો લઇ લઇને આગળ જાય છે. વિશ્વની આ વિશાળ વનવાટે કો'ક ભોમિયા વિના ભમ્યાંય કરે છે ને મારગ ના મળવાથી મૂંઝાય છે પણ ખરા. એ સૌની સાથે રહીને, એમને આંગળી ચીંધતાં ચીંધતાં પણ, તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ, તારા મહિમાવંતા મંગલ મુખને ભૂલું નહિ!

કો'ક કરમાયેલા કુસુમની કિનારીને સ્પર્શ કરતાવેંત તેની પાંખડી પ્રેમથી પરિપ્લાવિત થઇને ખીલી ઊઠે છે, ને કોઇના તરફ સ્મિત કરતાવેંત તેને નવું જીવન મળે છે. અરે, આંસુ પણ કોઇકનું જીવનધન, ને દર્દ પણ કોઇના દિલનો દિલાસો આપનારું મહાધન બને છે. એ બધી મહેફિલમાં ભાગ લેતાંલેતાં પણ તારા મધુર મુખને ભૂલું નહિ!

જગતની અનેકવિધ, પારવિનાની પ્રવૃત્તિઓમાં પણ હે પ્રભુ, તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ!

શ્રી યોગેશ્વરજી

 Regd. No. GBV 113

# * આત્મનિરિક્ષણ *

સાધકને માટે બીજી અનિવાર્ય આવશ્યકતા અનવરત રીતે કરાતા આત્મનિરીક્ષણની છે. જેણે આત્મિક ઉન્નતિના મંગલ માર્ગમાં સફળતાપૂર્વક આગળ વધવું છે, એણે આત્મનિરીક્ષણની અભિરૂચિને વધારવી પડશે. એ પોતાની ત્રૂટિઓ, ભૂલો, બદીઓ પ્રત્યે બેદરકાર રહેશે તો નહિ ચાલે. એવી બેદરકારી આ માર્ગમાં મદદરૂપ નહિ થઇ શકે. ઉલટું આપત્તિજનક નીવડશે. સાધનાની સિદ્ધિ, શાંતિ, મુક્તિ કે પૂર્ણતાની પ્રાપ્તિ નિર્મળ હૃદયના સાત્ત્વિક સાધકને જ થઇ શકે છે. અને એવી નિર્મળતા કે સાત્ત્વિકતાની સિદ્ધિમાં આત્મનિરીક્ષણ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

આત્મનિરીક્ષણ એટલે પોતાની જાતનું નિરીક્ષણ. આત્મિક પંથના પ્રવાસીએ પદપદપર પોતાની જાતનું નિરીક્ષણ કરવું પડશે. પોતે પોતાની જાતના કડક ટીકાકાર કે વિવેચક બનવું પડશે, ને પોતાની જાતને સુધારવા માટે કટિબદ્ધ બનવું પડશે. પોતાના દોષોને જોઇને કે જાણીને બેસી રહ્યે નહિ ચાલે. એમને દૂર કરવાની કોશિશ પણ કરવી પડશે. એના વિના આત્મનિરીક્ષણનું કાર્ય અધુરું જ રહેશે. આત્મનિરીક્ષણની આદતના સુપરિણામરૂપે સાધકનું દિલ ઉદાર, વિશાળ, પ્રેમાળ, પવિત્ર બની જાય છે. એ સર્વ પ્રકારના છળકપટથી ને સંકુચિત મલિન જીવન વ્યવહાર-માંથી મુક્તિ મેળવે છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.